RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 275* Date: 01.08.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### આસામ-મિઝોરમ સરહદ વિવાદ વધુ વકર્યોઃ બંન્ને સરકારો આમને-સામને

# મિઝોરમમાં આસામ મુખ્યમંત્રી વિરુદ્ધ FIR દાખલ






## બંન્ને રાજ્યો વચ્ચે હિંસક અથડામણને લઇ મુખ્યમંત્રી હિમંત બિસ્વા વિરુદ્ધ મિઝોરમ પોલીસે હત્યાનો પ્રયાસ અને ષડ્યંત્રની કલમો હેઠળ ગુનો નોંધ્યો

ગૌહાટી/ઐઝલ,તા.૩૧

આસામ-મિઝોરમ સરહદ વિવાદને લઈ બંને સરકારો આમને સામને છે. સરહદ પર હિંસક અથડામણને લઈ બંને રાજ્યોમાં તણાવ વ્યાપેલો છે. આ તરફ આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા વિરૂદ્ધ એફઆઈઆર નોંધાવાઈ છે. મિઝોરમ પોલીસે મુખ્યમંત્રી બિસ્વા સરમા વિરૂદ્ધ હત્યાનું ષડયંત્ર રચવાના આરોપસર કેસ દાખલ કર્યો છે.

અગાઉના કેસમાં આસામ પોલીસે મિઝોરમના ૬ અધિકારીઓને સમન પાઠવ્યા હતા. તમામને ૨ ઓગષ્ટના રોજ ઢોલાઈ પોલીસ સ્ટેશનમાં રજૂ થવા કહેવામાં આવ્યું હતું. આસામ પોલીસે મિઝોરમ પોલીસના ડેપ્યુટી કમિશનર અને એસપી રેંકના અધિકારીઓને સમન પાઠવ્યા છે.

૨૬ જુલાઈના રોજ આસામ અને મિઝોરમ પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ ઘટનામાં આસામના ૭ પોલીસ કર્મચારી શહીદ થયા હતા. સંઘર્ષ બાદથી જ આરોપ-પ્રત્યારોપ ચાલી રહ્યા છે અને આસામ સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. મિઝોરમ દ્વારા લગાવવામાં આવેલા આરોપ પ્રમાણે સરહદ વિવાદની શરૂઆત આસામથી થઈ છે. આસામ દ્વારા પહેલું ફાયરિંગ કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ મિઝોરમ પોલીસે જવાબ આપ્યો.

આ તરફ મિઝોરમના મુખ્યમંત્રી જોરમથંગાના કહેવા પ્રમાણે આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા તેમના ભાઈ જેવા છે અને તેઓ આ વિવાદને શાંતિપૂર્ણ રીતે ઉકેલી લેશે.

અતિક્રમણ દૂર કરવા અંગે બંને રાજ્યોની પોલીસ અને નાગરિકો વચ્ચે વિવાદ સર્જાયો હતો. ત્યાર બાદ પરિસ્થિતિ વધુ વણસી હતી અને બંને બાજુથી લાકડીઓ અને પથ્થરોથી હુમલો શરૂ થયો હતો. ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં આસામની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાતના ૨ દિવસ પછી આ હિંસા સામે આવી છે.

મિઝોરમ ૧૯૭૨માં કેન્દ્રશાસિત પ્રદેશ અને ૧૯૮૭માં એક રાજ્યના સ્વરૂપે અસ્તિત્વમાં આવ્યું. ત્યારથી જ મિઝોરમનો આસામ સાથે સરહદ વિવાદ ચાલી રહ્યો છે.

આસામ-મિઝોરમ સરહદ પર આ અઠવાડિયાની શરૂઆતમાં હિંસા અને સાત લોકોના મોત બાદ ગુરૂવારે સ્થિતિ શાંત અને નિયંત્રણમાં રહી પરંતુ બન્ને રાજ્યના લોકોના નિવેદનને કારણે ટકરાવ યથાવત રહ્યો હતો. લૈલાપુરમાં આંતરરાજ્યીય સરહદ પર કેન્દ્રીય દળોને તૈનાત કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ રાજ્યોની પોલીસના જવાન પોત પોતાની સરહદમાં ૧૦૦ મીટર અંદર રહ્યા હતા.

આસામે પોતાના નાગરિકોને મિઝોરમ ના જવાની સલાહ આપી છે. બીજી તરફ મિઝોરમે કેન્દ્રને આસામ દ્વારા લગાવવામાં આવેલી આર્થિક નાકાબંધી હટાવવાની માંગ કરતા કહ્યુ કે સરહદ વિવાદને લઈને કેસ લડવા તૈયાર છે.

# ઈતિહાસમાં પહેલીવાર ૧૨ કોમર્સનું ૧૦૦% પરિણામ જાહેર, વિદ્યાર્થીઓમાં ઉત્સાહ

## તમામ ૪,૦૦,૧૨૭ વિદ્યાર્થીઓ પાસ થતા ૧૦૦% પરિણામ, ૯,૪૫૫ વિદ્યાર્થીઓને A-2 ગ્રેડ મળ્યો

ગાંધીનગર,તા.૩૧

ગુજરાત બોર્ડનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને પરિણામની પ્રિન્ટની કોપી કાઢીને આપવામાં આવી રહી છે. સવારથી જ સ્કૂલમાં પરિણામ લેવા માટે વિદ્યાર્થીઓ પહોંચી રહ્યા છે. કોરોનાકાળમાં સરકારે આપેલા માસ પ્રમોશનને કારણે ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. આ પરિણામમાં ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓને પાસ કરવામાં આવ્યાં છે. ૬૯૧ વિદ્યાર્થીએ છ૧ ગ્રેડ મેળવ્યો છે, જયારે ૯૪૯૫ વિદ્યાર્થીએ છ૨ ગ્રેડ મેળવ્યો છે. આ પરિણામમાં સૌથી વધુ વિદ્યાર્થીઓને C1 ગ્રેડ મળ્યો છે. C1 ગ્રેડ મેળવનારા એક લાખ ૨૯ હજાર ૭૮૧ વિદ્યાર્થી છે, જ્યારે C2 ગ્રેડ મેળવનારા એક લાખ આઠ હજાર ૨૯૯ વિદ્યાર્થી છે.

ધોરણ ૧૦ની પરીક્ષામાં પણ રાજકોટના વિદ્યાર્થીઓએ મેદાન માર્યું હતું. તેવી જ રીતે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં પણ રાજકોટના રેગ્યુલર વિદ્યાર્થીઓએ ફરીવાર છ૧ ગ્રેડ મેળવવામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. રાજકોટમાં ૨૪ હજાર ૩૩૯ રેગ્યુલર વિદ્યાર્થીઓમાંથી ૨૩૧ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો છે. ધોરણ ૧૨માં A1 ગ્રેડ મેળવવામાં સુરતનો બીજો નંબર છે. સુરતમાં ૪૪ હજાર ૮૬૬ રેગ્યુલર વિદ્યાર્થીઓમાંથી ૧૮૭ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો છે. જ્યારે અમદાવાદમાં ૨૮ હજાર ૯૩૨ વિદ્યાર્થીઓમાંથી ૩૮ વિદ્યાર્થીઓએ છ૧ ગ્રેડ મેળવ્યો છ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ લાખ ૧૦ હજાર ૩૭૫ વિદ્યાર્થી અને ૧ લાખ ૮૯ હજાર ૭૫૨ વિદ્યાર્થિની નોંધાયાં છે. ત્યારે માસ પ્રમોશનને કારણે કુલ ૪ લાખ ૧૨૭ રેગ્યુલર વિદ્યાર્થીનાં પરિણામ આજે જાહેર કરવામાં આવ્યાં છે. પરિણામ માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સ્કૂલ પર પહોંચ્યા છે,વિદ્યાર્થીઓને સ્કૂલમાંથી પરિણામ સાથે લિવિંગ સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યું છે.

## આતંકી હુમલાનું કાવતરૂ નિષ્ફળઃ મોટી માત્રામાં વિસ્ફોટકો મળ્યા


જમ્મૂ,તા.૩૧

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળોએ આતંકવાદીઓનુ એક મોટુ કાવતરુ નિષ્ફળ બનાવ્યુ છે. સુરક્ષાદળોએ જમ્મુ અને પૂંછ હાઈવે પર મુકવામાં આવેલા વિસ્ફટકોને શોધી કાઢીને તેને ડિફ્યુઝ કર્યા છે.આતંકીઓએ આ વિસ્ફોટકો આ હાઈવે પરથી પસાર થતા સુરક્ષાદળોના કે બીજા વાહનોને ટાર્ગેટ કરવા માટે પ્લાન્ટ કર્યા હતા.

પોલીસના કહેવા પ્રમાણે શનિવારે વહેલી સવારે જાણકારી મળી હતી કે , જમ્મૂ પૂંછ હાઈવે પર એક જગ્યાએ શંકાસ્પદ હિલચાલ જોવા મળી છે.એ પછી પોલીસ અને સેનાના જવાનોએ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ.જે દરમિયાન સુરક્ષાદળોને વિસ્ફોટકો મળી આવ્યા હતા.આ વિસ્ફોટકોને નિષ્ક્રિય કરવા માટે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને બોલાવવામાં આવી હતી અને તેને નિષ્ક્રિય કરાયા હતા.જોકે આ દરમિયાન હાઈવે પર વાહનોની અવર જવર રોકી દેવામાં આવી હતી.

### ૪૧ હજારથી વધુ નવા કેસ, ૫૯૩ લોકોના મોત

# દેશમાં કોરોના રિવર્સઃ સતત ચોથા દિવસે ૪૦ હજારથી વધારે કેસ નોંધાતા ફફડાટ



ન્યુ દિલ્હી,તા.૩૧

કોરોનાની બીજી લહેર બાદ હવે ત્રીજી લહેરના ભણકારા વાગી રહ્યા છે. નિષ્ણાતોના મતે કોરોના વાયરસની ત્રીજી લહેર આવવાની સંભાવના છે પરંતુ તે ક્યારે આવશે તે અંગે કોઈ ચોક્કસ માહિતી આપી શકાય તેમ નથી. લોકોની બેદરકારી જ કોરોનાની ત્રીજી લહેર માટે જવાબદાર ઠરે તેવી સ્થિતિ હાલમાં જોવા મળે છે. દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૪૧,૬૪૯ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે જેને પગલે કુલ સંક્રમિતોનો આંક ૩,૧૬,૧૩,૯૯૩ થયો હોવાનું કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું છે. દેશમાં સળંગ ચોથા દિવસે કોરોનાન સક્રિય કેસો વધ્યા છે. કુલ સક્રિય કેસની સંખ્યા ૪,૦૮,૯૨૦ થઈ છે જે કુલ કેસ લોડના ૧.૨૯ ટકા છે. મંત્રાલયના મતે એક દિવસમાં વધુ ૫૯૩ દર્દીના કોરોનાથી મૃત્યુ થયા છે અને કુલ મૃત્યુઆંક ૪,૨૩,૮૧૦ રહ્યો છે. કોરોનાનો રિકવરી રેટ ૯૭.૩૭ ટકા નોંધાયો છે. વિતેલા ૨૪ કલાકમાં દેશમાં વધુ ૩,૭૬૫ સક્રિય કેસ વધ્યા હતા. આઈસીએમઆરના મતે શુક્રવારે ૧૭,૭૬,૩૧૫ કોરોના સેમ્પલના ટેસ્ટ કરાયા હતા. અત્યાર સુધીમાં કોરોનાના ૪૬,૬૪,૨૭,૦૩૮ કોરોના સેમ્પલના ટેસ્ટ કરવામાં આવ્યા છે. કોરોનાનો દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૩૪ ટકા થયો છે તેમજ સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૨.૪૨ ટકા નોંધાયો છે. અત્યાર સુધીમાં કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૭,૮૧,૨૬૩ થઈ છે. કોરોના રસીકરણમાં ધીમે પગલે વધારો થઈ રહ્યો છે અને કુલ ૪૬.૧૫ કરોડ કોરોનાના ડોઝ આપવામાં આવ્યા હોવાનું મંત્રાલયે જણાવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી થયેલા ૫૯૩ મૃત્યુ પૈકી મહારાષ્ટ્રમાં ૨૩૧ અને કેરળમાં ૧૧૬ દર્દીનો સમાવેશ થાય છે.

કેરળમાં શુક્રવારે સતત ચોથા દિવસે કોવિડ -૧૯ ના ૨૦,૦૦૦ થી વધુ કેસ નોંધાયા છે. કેન્દ્ર સરકાર COVID-19 વ્યવસ્થાપનમાં રાજયના પ્રયાસોમાં મદદ કરવા માટે કેરળમાં છ સભ્યોની ટીમ મોકલી રહી છે. કેરળના વાયનાડના સાંસદ ગાંધીએ ટ્વિટ કર્યું હતું કે, કેરળમાં કોરોના વાયરસ ચેપના કેસમાં વધારો થવો ચિંતાજનક છે. હું રાજ્યના અમારા ભાઈઓ અને બહેનોને તમામ સલામતીનાં પગલાં અને માર્ગદર્શિકાઓનું પાલન કરવા અપીલ કરું છું. કૃપા કરીને કાળજી લો. ગુરુવારે કેરળમાં ૨૨૦૬૪ નવા કેસ નોંધાયા અને ૧૨૮ દર્દીઓના મોત થયા. બુધવારે કોરોનાના ૨૨,૦૫૬ નવા કેસોની પુષ્ટિ થઈ અને ૧૩૧ દર્દીઓના મોત થયા. સોમવારે, ૧૧,૫૮૬ નવા કેસોની પુષ્ટિ થઈ અને મંગળવારે ૨૨,૧૨૯ નવા કેસની પુષ્ટિ થઈ.

# પુલવામા હુમલામાં સામેલ જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી સહિત બે આતંકી ઠાર



શ્રીનગર,તા.૩૧

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. શનિવારે એક એક્રાઉન્ટરમાં સુરક્ષાદળોએ જૈશ-એ-મોહમ્મદના બે આતંકવાદીઓને ઠાર કર્યા હોવાની વિગતો મળી છે. પોલીસના જણાવ્યા મુજબ ઠાર કરાયેલા આતંકવાદીઓ પૈકી એક પુલવામાં હુમલામાં સામે જૈશનો ટોચનો આતંકવાદી પણ સામેલ છે. ચોક્કસ બાતમીને આધારે પોલીસ અને લશ્કરે દાચીગામ નજીક નામિબિયન અને મારસાર જંગલ વિસ્તારની નાકાબંધી કરી હતી અને તપાસ અભિયાન હાથ ધર્યું હતું. આ સર્ચ ઓપરેશન વખતે આતંકવાદીઓએ પોલીસ પાર્ટી અને સુરક્ષાદળો પર ગોળીબાર કર્યો હતો. સુરક્ષાદળો દ્વારા વળતો હુમલો કરવામાં આવ્યો હતો જેમાં બે આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. કાશ્મીરના આઈજીપી વિજય કુમારના જણાવ્યા મુજબ પાકિસ્તાન સાથે સંકળાયેલા બે આતંકવાદીઓ જેઓ જૈશ-એ-મોહમ્મદ સાથે નાતો ધરાવતા હતા તેમને મોતને ઘાટ ઉતારી દેવાયા છે. એક આતંકવાદીની ઓળખ લંબૂ તરીકે થઈ છે જ્યારે બીજાની ઓળખ બાકી છે. વરિષ્ઠ પોલીસ અધિકારીના મતે અબૂ સૈફુલ્લાને અદમાન, ઈસ્માઈલ અને લંબૂ તરીકે પણ ઓળખવામાં આવતો હતો. ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯માં પુલવામામાં થયેલા આતંકવાદી હુમલામાં પણ અદનાન સામેલ હતો. તે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના રઉફ અઝહર, મૌલાના મસૂદ અઝહર અને અમ્મારનો મજબૂત સહયોગી હતો. પ્રાપ્ત વિગતો મુજબ તે વાહનોથી ચાલતા આઈઈડીનો નિષ્ણાત હતો જેનો અફઘાનિસ્તાનમાં નિયમિત રીતે ઉપયોગ કરવામાં આવે છે. અધિકારીઓના મતે તે તાલિબાન સાથે પણ સંકળાયેલો હતો. તે સલ્હા સૈફ અને ઉમરનો પણ નિકટનો વ્યક્તિ માનવામાં આવતો હતો જેમને અગાઉ ઠાર કરવામાં આવ્યા હતા. અદનાન ફરીથી જૈશને સક્રિય કરવાનો પ્રયાસ કરી રહ્યો હોવાના ઈનપૂટ પણ મળ્યા હતા.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૮૭૭

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૩૫

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૫૪૯

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

# વિપક્ષોને એકજૂટ કરવા મમતા બેનરજીના પ્રયાસો સફળ થશે....?

*દિલ્હી સરકાર પેગાસસ જાસૂસીકાંડમાં બાબતે વિપક્ષોના વિરોધનો સતત સામનો કરી રહી છે તેમજ કૃષિ કાનુન પરત ખેચવા મુદ્દેના વિરોધનો પણ સતત સામનો કરી રહી છે. અને આવા રાજકીય ગરમીના સમયમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દિલ્હી ખાતે વડાપ્રધાન તથા વિપક્ષોની મુલાકાતે પાંચ દિવસ માટે ઉતરી પડ્યા છે. દિલ્હી પહોચતા તેઓ સૌપ્રથમ કોંગ્રેસના નેતાઓની મુલાકાત કરીને વડાપ્રધાનશ્રીની મુલાકાત લઇને પોતાની સૌમ્યતાનો પરિચય આપી દીધો. એક સમયે જીદ્દી કહેવાતા મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં એકલ પંડે ભાજપા ધૂરંધરો સહિતનાને મોટી પછડાટ આપી ચૂંટણી જંગ જીતી બતાવ્યો. તે સમયમાં તેઓએ કહ્યુ હતુ કે બંગાળ પછી હવે દિલ્હીનો વારો છે....પરંતુ પોતે વડાપ્રધાનની દાવેદાર નથી. દિલ્હી આવીને તમામ વિરોધ પક્ષોને એક જૂટ કરવા માટે તેઓએ વિવિધ વિરોધ પક્ષના નેતાઓ સાથે બેઠકોના દોર શરૂ કરી દીધો અને તેમાં તેમને સફળતા મળવાની સંભાવનાઓ વધી પડી.... કારણ કેજરીવાલની આમ આદમી પાર્ટી, કોંગ્રેસ પક્ષ સહિતના તમામ પક્ષના વડાઓ સાથે કરેલ બેઠકોમા તેઓએ એક જ વાત કરી કે વડાપ્રધાન કોણ બનશે તે ચૂંટણી પરિણામો પછી નક્કી કરીશુ. હું પોતે વડાપ્રધાનની દાવેદાર નથી.... પરંતુ ભાજપને કરાવવો એક માત્ર મારું લક્ષ્ય છે. અને ભાજપને હરાવવા આપસી ભેદભાવ ભૂલી ભાજપ સિવાય દરેક પક્ષોને એક મંચ હેઠળ કે પછી એક જૂટ થઈને ચૂંટણી લડવી જરૂરી છે. અને તો જ ભાજપની હાર થઈ શકે..... તેમને દરેક પક્ષને ચૂંટણીમાં મળેલા મતો, રાજ્યોમાં જે તે પક્ષની સ્થિતિ સહિતની બાબતો અંગેની સમૃધ્ધ છણાવટ સહિત પક્ષોને સમજાવ્યું હતુ.....તેમજ બાજપાઈ સરકાર સમયે વિપક્ષો એક થયા તેનો તથા ઈઝરાયેલમાં વિપક્ષો એક જૂઠ થયા અને તેના પરિણામો આવ્યા તેની વાતો કરી હતી....જેના કારણે લગભગ વિપક્ષો એક જૂટ થવા પર માની રહ્યા હોવાની ચર્ચા રાજકીય ક્ષેત્રમા થવા પામી છે.....!*

*મમતા બેનર્જી બંગાળ મોડેલને મહત્વ આપી રહ્યા છે. તેમનું લક્ષ્ય ૨૦૨૪ મા ભાજપને સત્તા પરથી હટાવવાનું છે. તેઓ ભાજપને ૩૭૫ સીટો પર સીધો પડકાર આપવાની ઇચ્છા ધરાવે છે અને આ પૈકી ૨૦૦ સીટો કોંગ્રેસને આપવા માટે આંતરિક તૈયારી છે. મમતાદીદીએ સોનિયા ગાંધી સાથે બેઠક કર્યા બાદ ઉત્સાહિત જોવા મળ્યા અને પૂરજોશમાં અન્ય પક્ષોના નેતાઓ સાથે બેઠક યોજવા લાગ્યા છે. તેઓ જે તે પક્ષને જ્યા સફળતા મળી હોય તેમજ મતો મેળવવામાં અગ્રસ્થાને હોય ત્યાં તે જ પક્ષને બેઠક લડવાની રહેશે તેવું પણ સમજાવી રહ્યા છે.... અને વિપક્ષો પોતાની રીતે એક જૂટ થવા તૈયાર થયાની સંભાવના વધી છે......! જોકે લોકસભા ચૂંટણીને અઢી વર્ષથી વધુ સમય બાકી છે... પરંતુ મમતાનુ પ્રથમ નિશાન ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પર છે અને ત્યાંથી પ્રચારના શ્રીગણેશ કરશે. તો ચૂંટણી પ્રચારમાં મમતા બેનર્જી ખુદ, સોનિયા ગાંધી, શરદ પવાર સહિતના નેતાઓ મહત્વના ચહેરા બની રહેશે..... તેમણે વિપક્ષી નેતાઓ સાથેની બેઠકોમાં અગત્યની વાત એ કરી દે હું પી એમ પદ માટેની દાવેદાર નથી તો વિપક્ષનુ સ્થાન કોઈ પણ પક્ષને મળે તો વાંધો નથી.... પરંતુ ભાજપને હરાવવા તમામ વિરોધ પક્ષોએ એક જૂટ થવું મહત્ત્વનું છે. વિપક્ષો એક જૂટ થાય તો ભાજપ કરતા તેની શક્તિ વધારે છે. હુ દરેક પક્ષોને સહાયતા કરવા માંગુ છું. અને હુ નેતા નહી પણ સામાન્ય કાર્યકર્તા બનવા ચાહુ છું તેમ તેઓએ વિપક્ષો સાથેની બેઠકોમાં કહ્યુ હતુ.... અને આ બાબતે વિપક્ષો એકજૂટ થવા તૈયાર છે.....! ત્યારે વિપક્ષોની એક જૂટ થવાની સંભાવનાને લઈને ભાજપ નેતાગણની ચિંતા વધવાની સંભાવના વધી શકે.....તેમ રાજકીય પંડિતોનુ માનવું છે.....!*

# ૪૬ જિલ્લાઓમાં ૧૦ ટકાથી વધુ પોઝિટિવીટી રેટ: કેન્દ્રની ચેતવણી

ન્યુ દિલ્હી,તા.૩૧

કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભુષણની આગેવાનીમાં મળેલી સમિક્ષા બેઠકમાં તમામ રાજ્યોને ૧૦ ટકાથી વધારે પોઝિટિવીટી રેટ કરતા જિલ્લાઓમાં ભીડ અટકાવવા તથા કોરોનાના નિયમોનું કડકાઈથી પાલન કરાવવાનો આદેશ આપ્યો.

મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા સ્ટેટમેન્ટ અનુસાર, હોમ આઈસોલેશનમાં રહેલા લોકો પર ચાંપતી નજર રાખવી જોઈએ અને જો જરુર પડ્યે તો તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં ઢીલ ન રાખવી જોઈએ.

જ્યાં ૧૦ ટકા કરતા ઓછો પોઝિટીવિટી રેટ હોય તેવા જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવાનો રાજ્યોને આદેશ અપાયો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્સે ગત મહિને સીરો સર્વે કર્યો હતો તેના પરિણામે ગઈકાલે બહાર પાડ્યાં હતા. સીરો સર્વે અનુસાર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં એવા લોકોની સંખ્યા જેમનામાં સૌથી વધારે એન્ટીબોડી જોવા મળી છે.

મધ્યપ્રદેશ બાદ બીજો નંબરે આવતા રાજસ્થાનમાં ૭૬.૨ ટકા, બિહાર ૭૫ ૭૫..૯ ટકા સાથે ત્રીજા, ગુજરાત ૭૫ ૭૫ ટકા સાથે ચોથું, છત્તીસગઢ ૭૪. ટકા સાથે છઠ્ઠા, ઉત્તરાખંડ ૭૩.૧ ટકા સાથે છઠ્ઠું, ઉત્તર પ્રદેશમાં ૭૧ ટકા સાતમા અને આંધ્રપ્રદેશ ૭૦.૨ ટકા લોકોએ કોવિડ સામેની એન્ટીબોડી મેળવી લીધી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જૂન-જુલાઈમાં રાજસ્થાનના જુદા જુદા શહેરોમાંથી કુલ ૧ હજાર ૨૨૬ રેન્ડમ નમૂના લેવામાં આવ્યા હતા, જેની તપાસ કરવામાં આવી હતી અને ૯૩૪ નમૂનાઓમાં એન્ટિબોડી મળી આવી હતી. આ સૂચવે છે કે રાજયના લોકોમાં કોરોના એન્ટિબોડીઝ હાજર છે.

# અમેરિકામાં ફરી એક વખત કોરોનાનો કહેર, ૧ લાખથી વધુ નવા સંક્રમિત મળ્યા



વોશિંગ્ટન,તા.૩૧

પાંચ મહિના બાદ અમેરિકામાં ૧ લાખથી વધુ નવા કોરોના સંક્રમિતોની ઓળખ થઈ છે. ફેબ્રુઆરી બાદ અહી આવેલા આ સંક્રમણના આંકડા પાછળ કોરોના વાયરસ ડેલ્ટા વેરિએન્ટ છે. ઓફિશિયલ આંકડા અનુસાર દેશમાં ૧૦૨,૨૭૮ નવા સંક્રમિત મળ્યા છે અને ૪૩૬ નવા મોત થયા છે. મહત્વપૂર્ણ છે કે દેશમાં અત્યાર સુધી કુલ સંક્રમિતોનો આંકડો ૩૪,૯૪૩,૨૦૩ થઈ ગયો છે અને કુલ મોતની સંખ્યા ૬૧૩,૦૦૬ છે. આ આંકડા અમેરિકાની જોન્સ હોપકિન્સ યૂનિવર્સિટી તરફથી જાહેર કરવામાં આવ્યા છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન તરફથી કેટલાક દેશમાં વધી રહેલા સંક્રમણને જોતા નિવેદન જાહેર કરવામાં આવ્યુ છે કે ડેલ્ટા વેરિએન્ટ વધુ જીવલેણ થાય તે પહેલા જ તેની પર રોક માટે કડક પગલા ભરવાની જરૂર છે. ચીન, સ્પેન, ઈન્ડોનેશિયા અને અમેરિકા સહિત કેટલાક દેશ કોરોના વાયરસના સંક્રમણ ડેલ્ટા વેરિએન્ટની ઝપટમાં છે. વૈશ્વિક કોરોના સંક્રમણના કુલ કેસ ૧૯૭,૨૭૬, ૯૧૭ થઈ ગયા છે અને ૪,૨૦૭,૨૩૬ સંક્રમિતોના મોત થઈ ચુક્યા છે. બીજી તરફ કોરોના સંક્રમણથી બચવા માટે અત્યાર સુધી કોરોના વેક્સીનની ૪,૦૪૨,૬૧૪, ૧૭૩ ડોઝ વિશ્વભરમાં આપવામાં આવી ચુક્યા છે.

## નામજપ અને વભાવદોષ નિર્મૂલનને કારણે આનંદપ્રાપ્તિ થાય છે !

# ‘મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય વતી ‘આનંદપ્રાપ્તિ આ વિષય પરનું સંશોધન શ્રીલંકા ખાતેની આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક પરિષદમાં પ્રસ્તુત !

‘નિરંતર સર્વોચ્ચ સુખ (જેને આનંદ કહે છે) અનુભવવાની તાલાવેલી’, આ માનવીની પ્રત્યેક કૃતિ પાછળની પ્રેરણા હોય છે. એમ હોવા છતાં પણ સંપૂર્ણ માનવજાતિ જે માટે ટળવળે છે, તે ‘આનંદપ્રાપ્તિ’ વિશે વર્તમાનના વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં કોઈપણ પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું નથી. નામજપ અને સ્વભાવદોષ-અહમ્ નિર્મૂલનનો અંગીકાર કરવાથી સર્વોચ્ચ અને કાયમસ?વરૂપી ટકનારું સુખ, અર્થાત્ આનંદપ્રાપ?તિ થઈ શકે છે, એવું પ્રતિપાદન મહર્ષિ અધ્યાત્મ વિશ?વવિદ્યાલયના પૂ. (સૌ.) ભાવના શિંદેએ કર્યું. તેઓ ‘થર્ડ વર્લ્ડ કૉન્ફરેન?સ ઑન ચિલ્ડ્રેન એન યુથ ૨૦૨૧ (CCY 2021) ધ વ્હર્ચ્યુઅલ કૉન્ફેરેન્સ’ આ વિષય પરની આંતરરાષ?ટ્રીય પરિષદમાં બોલી રહ્યા હતા. આ પરિષદ ‘ધ ઇંટરનૅશ?નલ ઈનસ્ટીટ્યુટ ઑફ નૉલેજ મૅનેજમેંટ (TIKM), શ્રીલંકા’એ આયોજિત કરી હતી. પૂ. (સૌ.) ભાવના શિંદેએ આ પરિષદમાં ‘તણાવપૂર્ણ જગત્માં આનંદ મેળવવાના ઉપાય’ આ શોધનિબંધ પ્રસ?તુત કર્યો. મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલયના સંસ?થાપક પરાત?પર ગુરુ ડૉ.



આઠવલેજી આ શોધનિબંધના લેખક છે તેમજ ડૉ. (સૌ.) નંદિની સામંત સહલેખિકા છે.

મહર્ષિ અધ્યાત્મ વિશ?વવિદ્યાલયે વૈજ્ઞાનિક પરિષદોમાં પ્રસ્તુત કરેલો આ ૭૬ મો શોધનિબંધ હતો. આ પહેલાં વિશ?વવિદ્યાલયે ૧૫ રાષ્ટ્રીય અને ૬૦ અંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક પરિષદોમાં શોધનિબંધો પ્રતુત કર્યા છે. તેમાંથી ૫ અંતરરાષ્ટ્રીય પરિષદોમાં વિશ?વવિદ્યાલયને ‘સર્વોત્કૃષ્ટ શોધનિબંધ’ પુરસ?કાર પ્રાપ?ત થયા છે.

પૂ. (સૌ.) ભાવના શિંદેએ ઉમેર્યું કે, જીવનમાં આવતી સમસ્યાઓને કારણે આપણે દુ:ખી થઈએ છીએ. આપણા જીવનમાંની સમસ્યાઓનાં શારીરિક, માનસિક અને આધ?યાત્મિક એવા ૩ મૂળભૂત કારણો હોય છે. જીવનમાંની ૫૦ ટકા કરતાં વધારે સમસ્યાઓ આધ્યાત્મિક કારણોસર હોય છે; પરંતુ તે શારીરિક અથવા માનસિક સમસ?યાઓનાં રૂપમાં પ્રગટ થઈ શકે છે. પ્રારબ્ધ, પૂર્વજોના અતૃપ્ત લિંગદેહ અને સૂક્ષ્મમાંની અનિષ્ટ શક્તિ, આ ૩ મુખ્ય આધ્યાત્મિક કારણો હોય છે. જયારે એકાદ સમસ?યાનું મૂળભૂત કારણ આધ્યાત્મિક હોય છે, ત?યારે ઉપાયયોજના પણ આધ્યાત્મિક જ કરવી આવશ?યક છે. આધ્યાત્મિક ઉપાયો દ્વારા શારીરિક અને માનસિક સમસ?યાઓમાં પણ સહાયતા થાય છે, ખાસ કરીને જ?યારે આ સમસ?યાઓનું મૂળભૂત કારણ આધ્યાત્મિક હોય છે. અંતમાં પૂ. (સૌ.) ભાવના શિંદેએ આનંદપ્રાપ્તિ કરવા માટે કહેલા ૩ પ્રમુખ પ્રયત્નો

૧. નામજપ : પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના ધર્મ અનુસાર કહેલો નામજપ કરી શકે છે. આજના કાળ માટે ‘ૐ નમો ભગવતે વાસુદેવાય ’, આ એક અત?યંત ઉપયુક્ત નામજપ છે.

પૂ. (સૌ.) ભાવના શિંદેએ નામજપના સકારાત્મક પરિણામોનું માપન કરવા માટે કરેલા એક પ્રયોગ વિશે જાણકારી આપી. ‘જી.ડી.વ્હી. બાયોવેલ’ આ વૈજ્ઞાનિક ઉપકરણના માધ?યમ દ્વારા વ્યક્તિનાં કુંડલિની ચક્રોનું માપન કરવામાં આવે છે. આ પ્રયોગમાં એક વ્યક્તિનાં કુંડલિની ચક્રો કેવળ ૪૦ મિ. ‘ૐ નમો ભગવતે વાસુદેવાય ?’ આ નામજપ કર્યા પછી મધ્યભાગમાં એક હરોળમાં આવ્યાં હોવાનું ધ?યાનમાં આવ્યું. કુંડલિની ચક્રોની આ સ્થિતિ તે વ?યક્તિની વધારે સારી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ?થિતિ દર્શાવે છે.

૨. સ્વભાવદોષ નિર્મૂલન પ્રક્રિયા : મનમાંના સ?વભાવદોષોના સંસ્કાર નષ્ટ કરવા માટે પરાત્પર ગુરુ ડૉ. આઠવલેજીએ આ પ્રક્રિયા વિકસિત કરી છે. આ પ્રક્રિયા વિશે કરેલા એક સર્વેક્ષણમાં ૫૦ વ?યક્તિઓએ સહભાગ લીધો હતો. તેમાંના ૯૦ ટકા વ?યાવસાયિક હતા. તેમણે કહ્યું કે, તેમને આ સ?વભાવદોષોને ૫૦ થી ૮૦ ટકા ઓછા કરવા માટે લાગેલો સર્વસામાન?ય સમયગાળો ૨ વર્ષ ૫ મહિના હતો. સગાંઓ સાથેના સંબંધોમાં અને કાર્યક્ષમતામાં સુધાર થવો, આ વાત ભલે સહુકોઈએ અનુભવી હોય, તો પણ સગાંઓ સાથેના સંબંધોમાં પુષ?કળ પ્રમાણમાં સુધાર થયો, એવું ૭૩ ટકા વ્યક્તિઓએ કહ્યું, જ?યારે કાર્યક્ષમતામાં પુષ્કળ સુધાર થયો, એવું ૭૭ ટકા વ્યક્તિઓએ કહ્યું.

# તમારી દરેક કામગીરીમાં નેશન ફર્સ્ટનો વિચાર હોવો જોઈએ: મોદી

ન્યુ દિલ્હી,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે (શનિવારે) સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય પોલીસ એકેડમીમાં તાલીમ લઈ રહેલા નવા ભારતીય પોલીસ સેવા અધિકારીઓ સાથે વાતચીત કરી. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ ચર્ચામાં, પીએમ મોદીએ આઈપીએસ તાલીમાર્થીઓને તેમના અનુભવ વિશે પૂછ્યું તેમજ આગામી ભવિષ્યમાં તેમની યોજનાઓ વિશે પૂછ્યું. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે અધિકારીઓનું શિક્ષણ દેશનું કામ છે, જો પોલીસ અધિકારીઓ તેમની ફિટનેસને મજબૂત કરશે તો સમાજ પણ સારો રહેશે.

પીએમ મોદીએ આગળ કહ્યું, ‘૧૯૩૦ થી ૧૯૪૭ ની વચ્ચે દેશમાં જે ભરતી ઉભી થઈ, જે રીતે દેશના યુવાનો આગળ આવ્યા, સમગ્ર યુવા પેઢી એક લક્ષ્ય માટે એક થઈ ગઈ, આજે તમારી અંદર પણ આવી જ ભાવનાની અપેક્ષા છે. તે સમયે દેશના લોકો સ્વરાજ્ય માટે લડ્યા હતા. આજે તમારે સુરાજ્ય માટે આગળ વધવાનું છે. તેમણે આગળ કહ્યું, તમે તમારી કારકિર્દીની શરૂઆત એવા સમયે કરી રહ્યા છો જ્યારે ભારત દરેક ક્ષેત્રમાં, દરેક સ્તરે પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. તમારી કારકિર્દીના આગામી ૨૫ વર્ષ ભારતના વિકાસના સૌથી મહત્વના ૨૫ વર્ષ પણ બનવાના છે. તેથી તમારી તૈયારી, તમારો મૂડ આ મોટા ધ્યેયને અનુરૂપ હોવો જોઈએ.

વીડિયો કોન્ફરન્સિંગ પર વાતચીત દરમિયાન, પીએમ મોદીએ ઘણા તાલીમાર્થી અધિકારીઓ સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરી. પીએમ મોદીએ કહ્યું, ‘તમારી સેવાઓ દેશના જુદા જુદા જિલ્લાઓમાં, શહેરોમાં હશે. તેથી તમારે એક મંત્ર યાદ રાખવો પડશે. ક્ષેત્રમાં રહીને તમે જે પણ નિર્ણય લેશો, તે દેશના હિતમાં હોવો જોઈએ, તેનો રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય હોવો જોઈએ. કોરોના સામેની લડાઈમાં આપણા પોલીસકર્મીઓએ દેશવાસીઓ સાથે ખભે ખભા મિલાવીને કામ કર્યું છે. આ પ્રયાસમાં ઘણા પોલીસ કર્મચારીઓએ પોતાનો જીવ આપવો પડ્યો છે. હું તેમને શ્રદ્ધાંજલિ આપું છું અને દેશ વતી તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું.

પીએમ મોદીએ આગળ કહ્યું, ‘ભૂતાન, નેપાળ, માલદીવ, મોરેશિયસ, આપણે બધા માત્ર પાડોશી જ નથી, પણ આપણી વિચારસરણી અને સામાજિક માળખામાં પણ ઘણું સામ્ય છે. આપણે બધા સુખ અને દુ .ખના સાથી છીએ.

# વિરોધીઓ સાવધાન: ભારત આજથી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની કમાન સંભાળશે

સંયુક્ત રાષ્ટ્ર,તા.૩૧

૧ ઓગસ્ટથી એક મહિના માટે ભારતના હાથમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની કમાન હશે. ભારત ૧ ઓગસ્ટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની અધ્યક્ષતા સંભાળશે અને આ મહિના દરમિયાન સમુદ્રી સુરક્ષા, શાંતિ સ્થાપનાની કવાયત કરવા અને આતંકવાદ પર પ્રહાર કરવા તૈયાર છે. મહાસભા અધ્યક્ષના કાર્યાલયમાંથી મળેલી જાણકારી અનુસાર, ભારતના રાજદૂત ટીએસ તિરૂમૂર્તિએ યુએન મહાસભા પ્રમુખને ભારતની અધ્યક્ષતા દરમિયાન થતી મુખ્ય ગતિવિધિથી અવગત કરાવવાનું છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટીએસ તિરૂમૂર્તિએ અધ્યક્ષતા સંભાળ્યા પહેલા એક વીડિયો સંદેશમાં કહ્યુ કે જ્યારે અમે ઓગસ્ટમાં પોતાનો ૭૫મો સ્વતંત્રાતા દિવસ મનાવી રહ્યા છીએ, તે મહિને સુરક્ષા પરિષદની અધ્યક્ષતા કરવા અમારી માટે એક સમ્માનની વાત છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અધ્યક્ષ તરીકે ભારતનું પ્રથમ કાર્ય દિવસ સોમવારે ૨ ઓગસ્ટે હશે. તિરૂમૂર્તિ સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલયમાં મહિના માટે પરિષદના કાર્યને લઈને કાર્યક્રમ પર પ્રેસ વાર્તા કરશે.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર એક કાર્યક્રમ અનુસાર, તિરૂમૂર્તિ સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશો માટે એક બ્રીફિંગ પણ આપશે, જે મહિના માટે પરિષદના ગેર-સદસ્ય છે. મહત્વપૂર્ણ છે કે સુરક્ષા પરિષદના એક અસ્થાયી સભ્યના રૂપમાં ભારતના બે વર્ષના કાર્યકાળ ૧ જાન્યુઆરી, ૨૦૨૧માં શરૂ થયો હતો. આ સુરક્ષા પરિષદના ગેર સ્થાયી સભ્ય તરીકે ૨૦૨૧-૨૨ના કાર્યકાળ દરમિયાન ભારતની પ્રથમ અધ્યક્ષતા છે. ભારત આવતા વર્ષે ડિસેમ્બરમાં ફરી સુરક્ષા પરિષદની અધ્યક્ષતા કરશે.

પોતાની અધ્યક્ષતા દરમિયાન ભારત દરિયાઇ સુરક્ષા, શાંતિ, રક્ષા અને આતંકવાદને રોકવા જેવા વિષયો પર ધ્યાન આપશે તથા આ મુદ્દા પર ઉચ્ચ સ્તરીય કાર્યક્રમોની અધ્યક્ષતા કરશે અને ઠોસ રણનીતિ બનાવવા પર ભાર આપશે. તિરૂમૂર્તિએ કહ્યુ કે ભારત પરિષદની અંદર અને બહાર બન્ને જગ્યાએ આતંકવાદ સામે લડવા પર ભાર આપતુ રહ્યુ છે. અમે આતંકવાદ સામે લડવાના પ્રયાસોને માત્ર મજબૂત જ નથી કર્યા ખાસ કરીને આતંકવાદના નાણા પોષણને જ નહી આતંકવાદ પર ધ્યાનને નબળો કરવાના પ્રયાસને પણ રોક્યો છે.

## એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈ: ક્રૂડ તેલ વધ્યું

# બુલડેક્સ ફ્યુચર્સમાં ૪૯ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૩૦ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૦૯,૧૪૮ સોદાઓમાં કુલ રૂ.૯,૬૫૧.૨૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૪૯ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૧૩૦ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૪૪,૮૭૧ સોદાઓમાં કુલ રૂ.૩,૨૧૭.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૨૮૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૩૦૪ અને નીચામાં રૂ.૪૮,૧૨૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૭ ઘટી રૂ.૪૮,૧૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૮૯ વધી રૂ.૩૮,૯૮૯ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮ ઘટી રૂ.૪,૮૩૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૨૩૯ના ભાવે ખૂલી, રૂ.૨૩ ઘટી રૂ.૪૮,૧૮૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૮,૧૦૦ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૨૦૦ અને નીચામાં રૂ.૬૭,૮૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૦ ઘટી રૂ.૬૭,૯૩૦ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૬૩ ઘટી રૂ.૬૮,૧૩૭ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૬૩ ઘટી રૂ.૬૮,૧૩૭ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૫,૧૬૭ સોદાઓમાં રૂ.૨,૭૧૬.૦૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૨૦ વધી રૂ.૨૦૫.૫૫ અને જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૨.૭૫ ઘટી રૂ.૨૪૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૭૬૧.૩૫ અને નિકલ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧૭.૯ ઘટી રૂ.૧,૫૦૪.૨૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૬૦ વધી રૂ.૧૭૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૪,૮૧૦ સોદાઓમાં કુલ રૂ.૨,૪૨૧.૦૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૪૪૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૪૮૧ અને નીચામાં રૂ.૫,૪૩૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૪ વધી રૂ.૫,૪૭૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૯૦ ઘટી રૂ.૨૯૮ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૪૭૮ સોદાઓમાં રૂ.૩૦૫.૧૩ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૪૩૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૫૨ અને નીચામાં રૂ.૧૪૩૮ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૦.૫૦ ઘટી રૂ.૧,૪૪૩ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૩૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૫૦૦ અને નીચામાં રૂ.૧૭,૩૦૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૯ વધી રૂ.૧૭,૪૩૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૮૭.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૮૯ અને નીચામાં રૂ.૧૧૮૪.૮૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨.૮૦ ઘટી રૂ.૧૧૮૫.૨૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૦.૯૦ વધી રૂ.૯૫૯.૩૦ અને કોટન જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૫૦ ઘટી રૂ.૨૭,૨૦૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૧,૮૪૫ સોદાઓમાં રૂ.૨,૦૨૭.૦૭ કરોડનાં ૪,૧૯૪.૪૭૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૩,૦૨૬ સોદાઓમાં કુલ રૂ.૧,૧૯૦.૭૬ કરોડનાં ૧૭૪.૬૯૯ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૨૫૪.૬૯ કરોડનાં ૧૨,૩૦૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૪૦૭.૧૩ કરોડનાં ૧૬,૪૬૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૧૦૮.૧૫ કરોડનાં ૧૪,૬૬૭.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૮૫૪.૩૪ કરોડનાં ૫,૬૯૮.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૯૧.૭૧ કરોડનાં ૫,૧૭૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૬,૯૫૬ સોદાઓમાં રૂ.૬૩૪.૯૩ કરોડનાં ૧૧,૬૩,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭,૮૫૪ સોદાઓમાં રૂ.૧,૭૮૬.૧૨ કરોડનાં ૬,૦૧,૪૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧૫ સોદાઓમાં રૂ.૦.૪૩ કરોડનાં ૬૦ ટન અને કોટનના વાયદાઓમાં ૩૯૭ સોદાઓમાં રૂ.૩૬.૫૦ કરોડનાં ૧૩૩૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૩૪ સોદાઓમાં રૂ.૯.૯૦ કરોડનાં ૧૦૩.૬૮ ટન, રબરના વાયદાઓમાં ૨૨ સોદાઓમાં રૂ.૦.૪૨ કરોડનાં ૨૪ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૮૧૦ સોદાઓમાં રૂ.૨૫૭.૮૮ કરોડનાં ૨૨,૩૪૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૫,૩૭૨.૮૩૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૪૭૬.૪૬૨ ટન, એલ્યુમિનિયમમાં ૧૮,૨૯૦ ટન, જસત વાયદામાં ૧૧,૦૨૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૧,૪૪૭.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૪,૨૦૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૭,૪૬૫ ટન, ક્રૂડ તેલમાં ૮,૧૯,૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨,૩૦,૨૧,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૨૦ ટન, કોટનમાં ૧૪૯૭૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૩૮.૧૨ ટન, રબરમાં ૧૦૯ ટન, સીપીઓમાં ૮૫,૩૪૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૨૫૨ સોદાઓમાં રૂ.૧૧૦.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૩૩૯ સોદાઓમાં રૂ.૨૫.૮૬ કરોડનાં ૩૫૧ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯૧૩ સોદાઓમાં રૂ.૮૪.૭૯ કરોડનાં ૧,૦૫૯ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૧૪૬ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૫૧૬ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૭૩૩ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૭૬૩ અને નીચામાં ૧૪,૭૧૪ના સ્તરને સ્પર્શી, ૪૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧ પોઈન્ટ ઘટી ૧૪,૭૩૩ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૬,૦૩૫ના સ્તરે ખૂલી, ૧૩૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫ પોઈન્ટ ઘટી ૧૬,૦૪૫ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧૦,૫૭૦ સોદાઓમાં રૂ.૮૮૦.૫૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૨.૪૫ કરોડ, ચાંદી અને ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૦.૯૪ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૮૬.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચનાઓ

વિષય : સફળતા - નિષ્ફળતા,,સક્રિય - નિષ્ક્રિય " વિષયક રચનાઓ. (૩૧-૭-૨૦૨૧) દિવસ - ૬

Jan fariyad & News of Gandhinagar daily
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
ઉરર્હુ’જ઼ે ષ્ઠટ્ઠઙ્મઙ્મૈહખ્ત ર્ દ્ગ : ૯૮૨૪૬૫૩૦૭૩
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

## NOG NO.SS 0081

પ્રકાર : ગદ્ય

શીર્ષક : સફળતાની સપ્તપદી

શબ્દો : ૩૪૫

સફળતાની ખોજ ના કરો, ક્ષમતાની ખોજ કરો. સફળતા તમારી આત્મશ્રદ્ધા અને આનંદ વધારે છે.સફળ વ્યક્તિના ચરિત્ર કરતાં તેમની નિષ્ફળતા વિશે જાણવાનો પ્રયત્ન કરવો.

વ્રજલાલ સૌરાષ્ટ્રનાં એક ધનવાન જમીનદાર હતાં. આઝાદી બાદ વાવે તેની જમીનમાં એમણે ધીમે ધીમે સમૃદ્ધિ ગુમાવી.પહેલેથી જમીનદારી જ કરેલી એટલે બીજો કોઈ ધંધો કરવાની આવડત નહોતી. કોઈક ઘણા ધંધામાં હાથ અજમાવતાં એમાં પણ પૈસા ગુમાવ્યાં. થોડા વર્ષોમાં તેઓ પાયમાલ થઇ ગયાં ?. આ પછડાટથી શરીર અનેક વ્યાધિઓથી ઘેરાયું અને તેઓ અકાળે વૃદ્ધ બની ગયાં.

વ્રજલાલનો દીકરો કોઈક સગાંની મદદથી મુંબઈ ગયો. શેરબજારમાં સારું કમાયો.બીજાં ધંધામાં હાથ અજમાવ્યો ત્યાં પણ ખૂબ કમાયો. થોડાં વખતમાં જ અબજપતિ બની ગયો. મરવાના વાંકે જીવી રહેલાં વ્રજલાલને દીકરો મુંબઈ લઈ આવ્યો.

દીકરાની જાહોજલાલી જોઈ તેઓ સંપૂર્ણ સ્વસ્થ અને આનંદિત બની ગયાં જ્યારે ગામનાં લોકો માનતાં હતાં કે એમનો સ્વર્ગવાસ થયો હશે. આમ દીકરાની સફળતા વ્રજલાલની તબિયત પર અસર કરી ગઈ. સફળતાથી શરીરમાં રાસાયણિક ફેરફારો થાય છે અને રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે

પ્રશ્ન એ છે કે સફળતા મેળવનાર વ્યક્તિઓ માં શું ખાસ હોય છે જે અમને ટોચ પર પહોંચાડે છે! એમનામાં પણ સામાન્ય વ્યક્તિ જેવાં ગુણ હોય જે જુદી રીતે મૂલવાય.

૧ વિચારસરણી - વિકટ પરિસ્થિતિમાં સફળ વ્યક્તિ ઉજળી બાજુ જોવાની પ્રયત્ન કરે છે, જે હતાશા દૂર કરે છે. આનું ઉત્તમ ઉદાહરણ સદીના મહાનાયક અમિતાભ બચ્ચન.

૨. હોશિયારી-પોતાનાં ક્ષેત્રને લખતો તલસ્પર્શી અભ્યાસ કરીને તો વ્યવસ્થિત આયોજન કરે છે જેથી પદ્ધતિસર આગળ વધી શકાય.

૩. કાર્યદક્ષતા- હોશિયારી સાથે કાર્યદક્ષતા ખૂબ જરૂરી છે જેથી આયોજન પાર પાડી શકાય.ચોક્સાઇ વિના કરવાથી ધારી સફળતા મેળવી શકાતી નથી

૪ સ્વપ્નસેવી- મનને વધારે પડતું સંતુષ્ટ બનાવવાથી આગળ ન વધી શકાય.મનના પૃષ્ઠ પર એક નિશ્ચિત લક્ષનું ચિત્રણ કરી વિવિધ રંગોથી રંગતા રહેવાથી સફળતાની નજીક પહોંચી જવાય છે.

૫.સાવધાની - સાવધાની વિના થતાં કામમાં ભૂલો થાય છે જેમાંથી શીખવું જરૂરી છે.ભૂલોનું પુનરાવર્તન કરતાં રહેવાથી સફળતાથી વિમુખ થઈ જવાય છે.

૬.ધીરજ- દરેક કાર્યનાં પરિણામ તરત જ નથી મળતાં.પ્રયાસ કરતાં રહી નિષ્ફળતાથી હતાશ થયાં વિના શાંત રહી ધીરજ કેળવવી જરૂરી છે.

૭ પ્રતિબદ્ધતા- સફળતા માટે આ ગુણ અગત્યનો છે.સ્વીકારેલી કે આવી પડેલી જવાબદારી નિષ્ઠાથી પાર પાડવાથી સફળતા વરે છે.

આ સફળતાની સપ્તપદી છે જે તન અને મન બંનેને સાંકળી લે છે અને મનુષ્યને વેગળી પ્રતિભા અર્પે છે .

માયા દેસાઈ ,મુંબઈ ભારત .

---

## NOG SS No/022

વિષય : સક્રિય, નિષ્ક્રિય, સફળતા, નિષ્ફળતા

વિભાગ : ગદ્ય

પ્રકાર : વાર્તા

શીર્ષક : સંશય

તન્મય ધીમે ધીમે પોતાના શરીરને ઘસડતો ગેસના બાટલા સુધી પહોંચ્યો. તેણે નળી કાઢી નાખી અને વાલ્વ ખોલ્યો. તેમાથી ફુસ....... અવાજ સાથે ગેસ બહારની તરફ ધસી આવ્યો. તેને પરસેવો વળવા લાગ્યો એટલે તેણે વાલ્વ બંધ કર્યો.

બહારથી શોરબકોર શરૂ હતો. તેની પત્ની અને બાળકો બહારથી તેને અવાજ લગાવી રહ્યાં હતાં, પણ આજે તે મક્કમ હતો આત્મહત્યા માટે.

એક? વર્ષ પહેલાં આપઘાતમાં તન્મય પોતાના પગ અને આગળ કરેલી બચત ગુમાવી ચૂક્યો હતો. ઘરનું મરણાસન્ન થયેલું અર્થચક્ર પુનર્જીવિત કરવા તેની પત્ની શીતલે એક બિલ્ડર પાસે નોકરીએ જવાનું શરૂ કર્યું.

નિષ્ક્રિય થયેલા તન્મયનું મગજ જુદી દિશામાં દોડવા લાગ્યું. આર. બી. શાહ નામની વ્યક્તિના વારંવાર આવતા કોલથી તે વહેમાવા લાગ્યો. શીતલે સમજાવવાના પ્રયત્ન કર્યા પણ તન્મય ખોટા આળ મૂકવા લાગ્યો.

અંતે શીતલે તેને સમજાવવાનું પડતું મૂક્યું. તેણે બાળકોને મોટાં કરવાનાં હતાં. પોતાની ઘરમાં થઈ રહેલી અવગણના તન્મયથી સહન ન થઈ અને ઘરમાં પુરાઈ ગયો.

બહારથી શીતલ અને બાળકો વિનવણી કરી રહ્યાં હતાં. ઘરની અંદરથી તન્મય બૂમબરાડા સાથે શીતલને ગાળો દઈ રહ્યો હતો અને ન કહેવાનું કહી રહ્યો હતો.

બહાર આખી સોસાયટીના લોકો જમા થઈ ગયાં હતાં. તન્મયે નક્કી તો કર્યું પણ તેની હિંમત ન થઈ દિવાસળી સળગાવવાની.

"તન્મય, દરવાજો ખોલ હું આર. બી. શાહ." તન્મયના કાનમાં આ અવાજ પડતાં જ તે સતર્ક થઈ ગયો. તેણે દરવાજો ખોલીને જાળીમાંથી અંદર જોઈ રહેલા તે ચહેરા તરફ જોયું. એક વૃદ્ધ લાકડીના ટેકે ઉભો હતો. તેણે કહ્યું,"શીતલ દીકરીએ મને વાત કરી હતી કે તું મારા વારંવાર આવતા કોલથી વહેમાયો છે. હું બિમાર હતો અને મારી સારવાર ચાલી રહી હતી એટલે દરેક સૂચના હું ફોન કરીને આપતો હતો. મેં વચ્ચે તને કોલ કર્યો હતો પણ તે ઉપાડ્યો નહીં. શીતલ તો મારી દીકરી જેવી છે."

તન્મય ભાંગી પડ્યો. તે જીવનમાં દરેક જગ્યાએ નિષ્ફળ ગયો હતો. જીવનમાં પોતે નિષ્ફળ થયો, પત્નીનો આદર કરવામાં નિષ્ફળ ગયો હતો અને આત્મહત્યા કરવામાં પણ નિષ્ફળ ગયો. તેણે ધીમેથી જાળી ખોલી દીધી.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

## NOG SS No - 80

વિષય - સક્રિય, નિષ્ક્રિય

શીર્ષક - મનની પરિસ્થિતિ (ગદ્ય )

માણસનું મન ખૂબ ચંચળ છે. એટલે જ 'મન માંકડું 'એવી યોગ્ય જ ઉપમા આપવામાં આવી છે. ઘણીવાર કોઈ કાર્ય કરવાનું હોય ત્યારે મન - અંતરનું દ્વંદ્વ યુદ્ધ ચાલતું હોય છે. મન કહેતું હોય કે તું એ કરી નાંખ..!પણ જયારે અંતર ના પાડતું હોય છે. પણ આવા સમયે અંતરાત્માનાં અવાજને જ સાંભળવો જોઈએ.

મન જેટલું સક્રિય રહે એટલું સારું. કેમકે કાર્યશીલ મન એ જીવનને હંમેશ તાજગીથી ભરપૂર રાખે છે. જયારે નિષ્ક્રિય મન શરીરમાં વિકૃતિ પેદા કરવાનું કામ કરે છે. સાજા સારા માણસને નિર્માલ્ય બનાવી દે છે. શરીરની ઘણી બીમારીઓ આવા નવરાં મનની જ નીપજ હોય છે.

માટે જ જીવનનાં અંતિમ તબક્કા સુધી, અંતિમ ક્ષણ સુધી સક્રિય રહેવાથી શરીર ઘરડું થાય પણ સક્રિય મન તો તાજગીથી તરબતર જ હોય..

વર્ષા જાની, ભાવનગર

---

## NOG SS No-0130

વિષય- સફળતા- નિષ્ફળતા

વિભાગ - ગદ્ય

શબ્દ-૨૭૯

શીર્ષક-સફળતારૂપી તાળાંની ચાવી

સફળતા અને નિષ્ફળતા આપણાં મન દ્વારા પેદા થયેલાં આ બંને વિરોધી શબ્દોં છે, પણ જીવનમાં આ શબ્દોં સાથે જ જોડાયેલાં છે. બાળપણ નાસમજદારીમાં પૂરું થઇ જાય છે.યુવાની આવતાં જ જીવનરૂપી જગતમાં બનતી ઘટનાઓની સમજદારીથી આપણને સફળતા નિષ્ફળતાનાં ભેદની ખબર પડે છે.

વેપારમાં કરચોરીથી ધનની પ્રાપ્તિ કરવી, કુટિલતાથી કરેલ કાર્યમાં જીત મેળવવી, દુર્લભ વસ્તુને ભાગ્યથી સહજતાપૂર્વક મેળવવી.આ સફળતા પ્રાપ્ત થતાં જ એક નશીલો માદક નશો જે આપણને અહમ અને અભિમાનમાં રહેતાં શીખવે છે. આ એક વિવેકરૂપી જ્ઞાનથી વિમુક્ત રહેલો અવગુણ છે ,જે આપણને અવગુણોનાં ભંડારની ભેટ આપે છે. જેમાં મુખ્ય ક્રોધ અને ઘમંડ છે.

નિષ્ફળતા આપણને હતાશ કરે છે અને તેનાં પરિતાપથી આપણામાં ઈર્ષારૂપી અવગુણ આવતાં વિચારોમાં દ્વેષરૂપી ઝેર ફેલાઇ છે.

સફળતા અને નિષ્ફળતા- એટલે સુખ અને દુઃખ .આ ખોટી સમજનું અજ્ઞાન જ આપણને કર્મ કરવાં પ્રેરિત કરે છે. કર્મ જમા થઇ સંચિત કર્મ બનતા આપણે જન્મ મરણનાં ચક્રવ્યૂહમાં ફસાતાં જઇએ છીએ.

રૂપની રાણી સરીખી અંબાને પરણી સીતાપુર ગામમાં આવી રહેલી જાનમાં ઘોડે ચડેલાં વરરાજા મગન હરખાતો વિચારે કે નગરશેઠની મેડીબંધ હવેલી , પણ પૂનમનાં ચાંદ જેવી સોહામણી મલ્લિકાને મારાં ઢોલિયાનો ચંદરવો બની ચમકાવી.

રૂપની રાણીનો માલિક બનવામાં સફળ રહેલાં મગન ઓહો ! રાગ- દ્વેષ , અભિમાન જેવાં અનેક અવગુણોનો માલિક , પણ બની ગયો.

વસ્તુ પરિસ્થિતિ અને વ્યક્તિ કોઇપણ સાથે મળેલી સફળતા લાંબા સમય કે સતત આપણાં સાથે રહી શકતી નથી.

ઇશ્વર પ્રાપ્તિનું સાધન તરીકે મળેલ આ માનવદેહને અજ્ઞાનતારૂપી જીવનમાં જીવી નિષ્ફળ બનાવવાં કરતાં સત્સંગરૂપી અમોઘ શસ્ત્રથી આપણામાં રહેલાં અવગુણથી વિમુખકતા રાખી જીવેલું જીવન એ જ જીવનની સફળતા છે.

સતગુરુનાં સત્સંગથી મળેલ જ્ઞાનને આત્મસાત કરવો એ જ જીવનનનું લક્ષ્ય.

સત્કર્મરૂપી કર્મથી મળેલ સફળતારૂપી તાળાંની ચાવી ખુલતાં જ એક મહત્ ચૈતન્ય સાથે સંબંધ જોડી આપે છે.

નિલમ દોશી મુંબઇ

---

## NOG NO. SS 0097

વિષયઃ સફળતા-નિષ્ફળતા,સક્રિય-નિષ્ક્રિય

પ્રકાર : ગદ્ય

શીર્ષક : તાળી

સફળતાની તાળી દસ આંગળીઓથી પડે છે,પરંતુ નિષ્ફળતાના આંસુ એક
આંગળી લૂંછે છે.જે ગણી મૂલ્યવાન છે.

દરેક જગ્યાએ જાહેર સમારંભોમાં બે વર્ગ હોય છે.એક નાનો અને એક મોટો.

નાનો વર્ગ મોટા વર્ગ પર આધિપત્ય જમાવતો હોય છે.નાનો વર્ગ એટલે સમારંભ યોજનાર અને આમંત્રિત અતિથિઓ.મોટો વર્ગ એટલે તાળીઓ પાડીને સમારંભને સફળ બનાવનાર.સફળ એટલા માટે કે બોલનારની સફળતા સાંભળનારની સંખ્યા પર આધારીત છે.એવું આપણે સૌ માનીએ છીએ.એટલે જ આજે સમારંભોમાં આવનારા કરતાં લાવવામાં આવતા લોકો વધુ હોય છે.સ્વાભાવિક છે કે લાવવામાં આવનારાને અમૂકખાસ સુચનાઓ આપવામાં આવે છે, જેમકે-
ક્યારે તાળીઓ પાળવી, બૂમો પાડવી, સીટી મારવી,ધાર્મિક પ્રોગ્રામ હોય તો
ઉભા થઈ ઘૂમીને હાથ ઉંચા કરીને તાળીઓ પાડવી.આ અણગમતું અને ઓછું નોંધાયેલ સત્ય સ્વીકારવાનું છે.

તાળી બે હાથથી પડે છે,દસ આંગળી ભેગી થાય ત્યારે પડે છે.આપણે નિર્દોષતાથી માની લઈએ કે આ બધી જ,બધા જ પ્રકારની તાળીઓ
બોલનારની સફળતાનો આધાર સ્તંભ
છે.સફળતાની સૂચક છે.થોડીક ઝીણવટથી જોઈએ.હાથની ભેગી
થયેલી આંગળીઓ સફળતાનોમુખ્ય આધાર છે.

થોડી બીજી બાજુ નજર કરીએ.

આંગળીઓનું મહત્વ સમજીએ.કોઈ દુઃખ કે સંકટમાં હોય એવી વ્યક્તિ આપણી પાસે આવે કે,આપણી નજરે પડે કે,વગર કહ્યે આપણી એનું દુઃખ
કે મુશ્કેલી પામી જઈએ.માંગ્યા પછી કે
વગર માગયે માથા પર હાથ પસવારી
એના છુપાવવા મથતા છતાં ધસી આવતાં આંસુને એક આંગળીથી હળવેકથી લૂંછી લઈએ.એ હળવેકથી,
શાંતિથી, વગર અવાજે એક આંગળી પર ઝીલાયેલ આંસુની એ પળ કિંમતી
છે.લૂંછનારને એનો ખ્યાલ નથી.પરંતુ જેના આંસુ એ આંગળી પર ઝીલાય છે. એને એ સમયે જે હૂંફ અને સાંત્વન
મળે છે.એ અનુભવવનારને જ ખબર પડે.

આપણે કોઈ માટે તાળી ન પાડી શકીએ.તો અફસોસ ના કરશો. એમને તાળી પાડનાર અને વાહ વાહ કરનાર ઘણા મળશે.પરંતુ આપણા ભોગે પણ બીજાના આંસુ લૂંછવા તત્પર રહેજો. એ આપણી જાહેર ન થયેલી સફળતા જ છે.??

વર્ષાબેન દેસાઇ.એડવોકેટ .વડોદરા

# આતંકી ફંડિંગ અંગે જમ્મુ-કાશ્મીરમાં એનઆઇએના દરોડા

જમ્મૂ,તા.૩૧

આતંકવાદની કરોડરજ્જુ ભાંગી નાખવાના હેતુસર નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ જમ્મુ-કાશ્મીરમાં એક ડઝનથી પણ વધારે સ્થળે દરોડા પાડયા છે. આ દરોડા આતંકવાદી સંગઠન લશ્કર-એ-મુસ્તફાની ફંડિંગ, તેની સાથે સંકળાયેલા લોકો અને જમ્મુના નરવાલ વિસ્તારમાં જપ્ત કરવામાં આવેલા પાંચ કિલો આઈઈડીના સંબંધમાં પાડવામાં આવી રહ્યા છે. એનઆઈએના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે જૂન મહિનામાં જમ્મુના એરબેઝ પર થયેલા ડ્રોન હુમલા પછી તરત જ જમ્મુ-કાશ્મીર પોલીસે નરવાલ વિસ્તારમાં પાંચથી છ કિલો વિસ્ફોટક આઈઈડીની સાથે એક શખ્સની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન શક હતો કે આ આઈઈડી પણ ડ્રોન દ્વારા આવી હશે.

આ કેસની તપાસમાં બીજા બેની પણ ધરપકડ કરવામાં આવી હતી. તેના પછી આ કેસ તપાસ માટે એનઆઈએને સોંપી દેવાયો હતો. અત્યાર સુધી મળેલી જાણકારીઓ મુજબ એનઆઈએએ દરોડા પાડવાનું અભિયાન શરૂ કર્યુ છે. તેની સાથે તે વાતની તપાસ કરાવવામાં આવી રહી છે કે ડ્રોન દ્વારા આવેલો સામાન કયા-કયા લોકો સુધી પહોંચ્યો છે અને કયા-કયા લોકોને ડ્રોન અંગે જાણકારી હતી. એનઆઈએના અધિકારીના જણાવ્યા મુજબ બીજો કેસ લશ્કર-એ-મુસ્તફા સાથે જોડાયેલો છે. આ મામલામાં જમ્મુ પોલીસે અનંતનાગ પોલીસ સાથે મળીને એકની ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન તે શખ્સે પોતાનું નામ હિદયતુલ્લાહ જણાવ્યું હતું અને જાણકારી આપી હતી કે તે આતંકવાદી સંગઠન લશ્કર-એ-મુસ્તફાનો સ્વયંભૂ (જાતે બની બેઠેલો) કમાન્ડર છે. તે જૈશ-એ-મોહમ્મદના ઈશારે કામ કરે છે. તેણે જાણકારી આપી હતી કે આ લોકોનો હેતુ અનેક સ્થળોએ વિનાશ વેરવાનો હતો. જમ્મુ-પોલીસ દ્વારા આ કેસમાં પકડાયેલો વ્યક્તિ અને તેને લગતી તપાસ પણ એનઆઈએને સોંપવામાં આવી છે.

# કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો

ન્યુ દિલ્હી,તા.૩૧

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોરોના વેક્સીન મુકાવી છે.મીડિયા રિપોર્ટ પ્રમાણે તેમણે ત્રણ દિવસ પહેલા વેક્સીનનો ડોઝ લીધો હતો.એ પછી તેઓ ગુરુવારે અને શુક્રવારે સંસદમાં આવ્યા નહોતા.જોકે રાહુલ ગાંધીએ કઈ વેક્સીન મુકાવી છે તે અંગે સ્પષ્ટતા થઈ નથી.આ પહેલા ભાજપ રાહુલ ગાંધી દ્વારા વેક્સીન લેવામાં થઈ રહેલા વિલંબ પર સવાલ ઉઠાવી ચુકી છે.રાહુલ ગાંધી અને તેમના પરિવારના બીજા સભ્યો વેક્સીન લેવા માટે ખચકાઈ રહ્યા છે તેવો આરોપ ભાજપે લગાવ્યો હતો.જેના પછી ગયા મહિને કોંગ્રેસે કહ્યુ હતુ કે, સોનિયા ગાંધીએ વેક્સીનના બંને ડોઝ લીધા છે અને પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ વેક્સીનનો પહેલો ડોઝ લઈ લીધો છે.

# કોરોનાનો કેર વધતા જાપાનમાં ૩૧ ઓગસ્ટ સુધી ઈમરજન્સીની જાહેરાત

ટોક્યો,તા.૩૧

જાપાનમાં કોરોના વાયરસના વધતા કેસને રોકવા માટે સરકારે ૩૧ ઓગસ્ટ સુધી ઈમરજન્સીની જાહેરાત કરી છે. આ ઈમરજન્સી ટોક્યો, સૈતામા, ચિબા, કાનાગાવા, ઓસાકા અને ઓકિનાવા પ્રાન્ત પર લાગૂ થશે. આ રાજયો સિવાય હોક્કાઈડો, ઈશિકાવા, ક્યોટો, હ્યોગો અને ફુકુઓકા પ્રાન્તમાં પણ કોરોના વાયરસનો પ્રસાર રોકવા માટ પ્રાથમિકતાના આધાર પર ઉપાયોને લાગૂ કરવામાં આવશે. આ સમયે ટોક્યોમાં ઓલિમ્પિક ગેમ્સ ચાલી રહી છે, જેમાં વિશ્વભરના હજારો ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે.

જાપાનના પ્રધાનમંત્રી કાર્યાલયે ટ્વીટ કરી જણાવ્યું કે જાપાન સરકારે ૩૧ ઓગસ્ટ સુધી ટોક્યો, સૌતામા, ચિબા, કાનાગાવા, ઓસાકા અને ઓકિનાવા પ્રાન્તોમાં ઈમરજન્સીની સ્થિતિની જાહેરાત કરી રહી છે. આ સિવાય હોક્કાઈડો, ઈશિકાવા, ક્યોટો, હ્યોગો અને ફુકુઓકા પ્રાન્તોમાં કોરોનાનો પ્રસારક રોકવા માટે પ્રાથમિકતાના ઉપાયોને લાગૂ કરે છે. ટોક્યો અને ઓકિનાવામાં પ્રથમ જ ઈમરજન્સી લાગૂ છે જે ૨૨ ઓગસ્ટે ખતમ થવાની છે.

જાપાની મીડિયા એનએચકે વર્લ્ડે જણાવ્યું કે સરકારે આ નિર્ણય દેશમાં ઝડપથી વધી રહેલા કોરોના વાયરસના કેસને જોતા લેવામાં આવ્યો છે. ટોક્યો મેટ્રોપોલિટન સરકારે ૨૯ જુલાઈએ ૩૮૬૫ નવા કેસની પુષ્ટિ કરી હતી, જયારે જાપાનમાં તે દિવસે ૧૦૬૯૯ નવા કેસ સામે આવ્યા હતા. આ બંને આંકડા મહામારીની શરૂઆત થયા બાદ સૌથી વધુ છે. સરકારના તમામ સાવચેતી ઉપાયો છતાં જાપાનમાં કોરોના સંક્રમણની ગતિ ધીમી પડી રહી નથી. જાપાનના પ્રધાનમંત્રી યોશીહિદે સુગાએ કહ્યુ કે ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળા માટે, અમે ટોક્યો, સૈતામા, ચિબા, કાનાગાવા, ઓસાકા અને ઓકિવાના પ્રાન્તોમાં ઈમરજન્સીની જાહેરાત લાગૂ કરવા અને હોક્કાઈડો, ઈશિકાવા, ક્યોટો, હ્યોગો અને ફુકુઓકા પ્રાન્તમાં બીમારીનો પ્રસાર રોકવા માટે પ્રાથમિકતાના ઉપાયોને લાગૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# અફઘાનિસ્તાનમાં આવેલા સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય પરિસર પર હુમલો, એક ગાર્ડનું મોત

કાબૂલ,તા.૩૧

અફઘાનિસ્તાનમાં સતત હિંસા ચાલી રહી છે. તાલિબાને સંપૂર્ણ અફઘાનિસ્તાનમાં હાહાકાર મચાવ્યો છે. તાજેતરમાં અફઘાનિસ્તાનમાં સ્થિત સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય પરિસર પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એક ગાર્ડનું મોત થયું છે. જોકે અફઘાનિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્ર સહાયતા મિશને તાલિબાનનું નામ નથી લીધું અને હુમલાખોરોને સરકારવિરોધી તત્વ ગણાવ્યા હતા.

સંયુક્ત રાષ્ટ્ર સહાયતા મિશનના કહેવા પ્રમાણે અફઘાનિસ્તાનના હેરાતમાં સરકાર વિરોધી તત્વોએ સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય પરિસર પર હુમલો કર્યો હતો. તેના પરિણામસ્વરૂપ એક અફઘાન પોલીસ ગાર્ડનું મોત થયું હતું અને અન્ય અધિકારીને ઈજાઓ પહોંચી હતી. તાલિબાની ફાઈટર્સે અફઘાનિસ્તાનના ૨૦ પ્રાંતોમાં મોરચો માંડેલો છે. કંધારમાં સ્થિતિ એટલી હદે બગડી ગઈ છે કે, હજારો લોકો શહેરમાં ફસાઈ ગયા હોવાનું અનુભવી રહ્યા છે. જ્યારે કેટલાય લોકો સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરી ચુક્યા છે. તાલિબાન આતંકવાદીઓ શહેરમાં પ્રવેશવા માટે એડી-ચોટીનું જોર લગાવી રહ્યા છે પરંતુ હજુ સફળ નથી થઈ શક્યા. આ કારણે તેમણે આજુબાજુના જિલ્લાઓમાં કબજો જમાવ્યો છે.

આ તરફ તાલિબાન સાથે રાજકીય સમાધાન શોધવા પ્રયત્ન કરી રહેલા પાકિસ્તાને ૨૦૦૧માં અમેરિકાના અફઘાનિસ્તાન પર હુમલો કરવાના ઉદ્દેશ્યને લઈ સવાલો કર્યા છે. વડાપ્રધાન ઈમરાન ખાનના કહેવા પ્રમાણે અમેરિકાએ અફઘાનિસ્તાનમાં બધું અસ્ત-વ્યસ્ત કરી દીધું છે.

વધુમાં ઈમરાન ખાને પાક સરકાર તાલિબાનની પ્રવક્તા નથી માટે અફઘાનિસ્તાનમાં વિદ્રોહી જૂથની કાર્યવાહી માટે જવાબદાર ન ઠેરવી શકાય તેમ કહ્યું હતું. ખાને જણાવ્યું કે, તાલિબાન જે પણ બધું કરી રહ્યું છે કે નથી કરી રહ્યું તેનાથી અમને કશું લાગતું વળગતું નથી. અમે જવાબદાર પણ નથી અને તાલિબાનના પ્રવક્તા પણ નથી.

# નવો સુપર-મ્યુટન્ટ કોરોના એટલો ખતરનાક હશે કે દર ૩માંથી ૧ વ્યક્તિનું મોત થશે

ન્યુ દિલ્હી,તા.૩૧

બ્રિટનના સરકારી વૈજ્ઞાનિકોના ગ્રૂપે ચેતવણી આપી છે કે કોરોનાવાયરસનો સુપર મ્યુટન્ટ વેરિઅન્ટ એટલો ખતરનાક હોઈ શકે છે કે તેના લીધે દર ત્રણમાંથી એક વ્યક્તિનું મોત થઈ શકે છે. આ એક્સપર્ટસે બ્રિટન સરકારને સમયસર પગલાં ભરવાની માંગણી કરી છે.

આ ગ્રૂપમાં સામેલ એક્સપર્ટસનું કહેવું છે કે જયારે વાયરસ કોઇ જગ્યાએ વધુ સમય સુધી રહે છે તો તેમાં મ્યુટેશનની સંભાવના સૌથી વધુ હોય છે. આવું જ બ્રિટનમાં થઇ રહ્યું છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે બ્રિટનને શિયાળા સુધીમાં બુસ્ટર વેકસીન લાવવી પડશે, વિદેશથી વાયરસના નવા વેરિઅન્ટને આવતા રોકવા પડશે અને જેમાં વાયરસ રહી છે કે એવા પ્રાણીઓને પણ મારવા પડી શકે છે વૈજ્ઞાનિકોએ આવનારા સમયની સંભાવનાઓ પર એક પેપર રિલીઝ કર્યું છે જેમાં આ સુપર-મ્યુટેંટ વેરિઅન્ટનો ખતરો બતાવ્યો છે. એક્સપર્ટસનું કહેવું છે કે જો આવનાર સ્ટ્રેન દક્ષિણ આફ્રિકામાં મળેલા બીટા અને કેંટમાં મળેલા આલ્ફા કે ભારતમાં મળેલા ડેલ્ટા વેરિઅન્ટથી મળીને બન્યો તો આ વેક્સીન્સને પણ બિનઅસરકાર કરી દેશે. તેના લીધે મૃત્યુદર પણ વધવાની આશંકા છે. જો કે ટીમનું કહેવું છે કે વેક્સીનને બિનઅસરકાર કરવા માટે કોઇ ખૂબ જ શક્તિશાળી વેરિઅન્ટની જ જરૂર પડશે.

આ રિપોર્ટના આધાર પર બ્રિટનમાં લોકડાઉનના પ્રતિબંધોને ખત્મ કરવાની સરકારની તૈયારીઓને લઇ એક્સપર્ટસે એક વખત ફરીથી ચેતવ્યા છે. તેમનું કહેવું છે કે જીછય્ઈના રિપોર્ટ પરથી ખબર પડી કે વાયરસથી પીછો હજુ છૂટ્યો નથી. આથી સરકારે તેને લઇ વધુ એલર્ટ થવું જોઇએ. એક્સપર્ટસે પ્રાણીઓને વાયરસને રેજવૉયર બનવાથી રોકવાની સલાહ આપી છે. તેમણે ડૉકટર્સને પણ કહ્યું છે કે કેટલીક દવાઓ સાચવીને ઉપયોગ કરવા માટે કહ્યું છે. જરૂરિયાત કરતાં વધુ ઉપયોગ પર વાયરસ તેની વિરૂદ્ધ રેજીસ્ટન્સ પેદા કરી શકે છે.




પ્રદેશ ભાજપા કિસાન મોરચાના અધ્યક્ષશ્રી હિતેશભાઈ પટેલના જન્મદિન નિમિત્ત`મહાનગર ભાજપા કિસાન મોરચા દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૫૦૦ જેટલા ફૂડપેકેટનું વિતરણ કરાયું.

## છૂટછાટ માં રાજકીય રંગ અપાયા ની ફરિયાદ..

લગ્નને સામાજિક કાર્યક્રમમાં નહી ગણવાની સ્પષ્ટતા કરવાનું કહ્યું છે. સરકારના આ નિર્ણયથી કેટરિંગ એન્ડ હોટેલ એસોસિએશનને અન્યાય ગણાવ્યો છે. તેની સાથે સરકારને ફેર વિચારણા કરે તેવી માંગ પણ કરી છે. નિયમો બધા માટે સરખા છે. લગ્નપ્રસંગમાં માત્ર ૧૫૦ લોકોને જ મંજૂરી અપાઇ છે. સામાજિક કાર્યક્રમમાં મહત્તમ ૪૦૦ લોકોને મંજૂરી અપાઈ છે. લગ્નમાં પણ ૪૦૦ માણસની છૂટછાટ આપવાને લઈને માગ ઉઠી છે. ઉલ્લખેનીય છે કે, સરકાર દ્વારા લગ્ન પ્રસંગમાં માત્ર ૧૫૦ લોકોને મંજૂરી આપવામાં આવી છે. આ સિવાય સામાજિક મેળાવડામાં મહત્તમ ૪૦૦ લોકોને મંજૂરી છે અને મરણ પ્રસંગમાં ૪૦ લોકોને મંજૂરી આપવામાં આવી છે. જ્યારે હવે લગ્નમાં લોકોની મંજૂરીને લઈને વિવાદ ચરણસીમાએ પહોંચ્યો છે.

રાજ્ય સરકારે કોરોનાની જાહેર કરેલી નવી ગાઈડલાઈનને લઈને વિવાદ થયો છે. નવી ગાઈડલાઈન મુજબ લગ્ન પ્રસંગમાં ફક્ત ૧૫૦ લોકોનો જ ઉપસ્થિત રહેવાની મંજૂરી આપવામાં આવી છે. જ્યારે કે રાજકીય કાર્યક્રમોમાં ૪૦૦ લોકોને છૂટ આપવામાં આવી છે. મહત્વનું છે કે બે દિવસ પહેલા મળેલી કોર કમિટીની બેઠકમાં લગ્ન સમારોહમાં હવે ૨૦૦ને બદલે ૪૦૦ લોકો ઉપસ્થિત રહી શકશે તેવી જાહેરાત કરવામાં આવી હતીપ તેમજ ૮ શહેરને રાત્રિ કર્ફ્યૂમાંથી ૧ કલાકની રાહત આપવામાં આવી

## ખોવાતી જતી ચબૂતરાની યાદ ને મહીસાગર જિલ્લામાં પટ્ટણ ગામે મુકાયો ચબૂતરો




ચબૂતરે વેરી જુવાર આવું પંખીડા ચબૂતરા પર થી ગામ ઓળખાતા ગામની ખેતી ઓળખાતીગામની દયાભાવ નનોક્યાંસ નિકળતો ચબુતરા નું સ્થાપત્યથી રચનામાં પણ રંગો નજરે પડ્યા વગર રહે નહીં ,કોઈ ચબુતરા પર માતાજીની મૂર્તિ કોઈ ચબૂતરે પંખીના શિલ્પો જોવા મળી કબૂતરોનું એક અર્થમાં ઐતિહાસકિ અને મહત્વ હતું. એના દેહ પર થયેલા સુરજદાદા ના આગમન થાય તે રંગબેરંગી પક્ષીઓના મધુર કલરવથાય. કોતરકામ પરથી ગામનો ઈતિહાસ લાગી શકે પક્ષીઓ નો મેળો ભરાય પક્ષીવિદો ને પણ એ ઉપકારક બન તો .ગામના ઘરડા લોકો ચબૂતરે બેસીને ભજનો ગાય સુરજદાદા ના આગમન થાય તે પૂર્વે જ રંગબેરંગી પક્ષીઓના મધુર કલરવ થી ચબૂતરો ગાજી ઉઠતો. આજે તો આવા કલરવની માણવાની કોને નવરાશ છે. લોકોને પોતાની પડી છે. તેઓ પારેવાની કોણ પરવા કરે. ઉમાશંકરના પંક્તિઓને યાદ કરવી પડી વિશાળ જગ વિસ્તારે નથી એક જ માનવી પશુ છે પંખી છે પુષ્પો વનોની છે વનસ્પતિ હવે તો ચબુતરા પાછળની ભાવના અતીતનું અંશ બનતો જાય છે.

લોકજીવનની સાહજિકતા ધાર્મિકતા ભાવનાઓનું સૂર્યાસ્ત થઈ રહ્યો છે. ચબુતરાની દુરદર્શા એ લોકજીવનની પડતીનો એક સંકેત નથી તો બીજું શું છે? ચબુતરા માં એ કરુણા દયા ભાવના નું પ્રાણ ઝબકાર હવે સંભળાતું નથી. લોકોની રદય હવે તો મરામત માગે છે અન્ય જીવસૃષ્ટિ સાથે ના સબંધ સાગરમાં ઓટ આવે છે .આવા કાળમાં મહિસાગર જિલ્લાના લુણાવાડાના પટ,ટણ ગામે શ્રી ભગવતી કલાકેન્દ્ર ટ્રસ્ટ દ્વારા તળાવ ઉપરપંદર ફૂટ ઊંચો એક સુંદર ચબૂતરો ઊભો કરવામાં આવ્યો .




વિકલાંગ સહાયક કેન્દ્ર દ્વારા અમદાવાદ યુ.એન.મહેતા હોસ્પિટલ સિવિલ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ ૧૮/૭/૨૦૨૧ રવિવાર ના રોજ યોજાઈ ગયો.સંસ્થાના સહયોગીઓ હજાર રહ્યા હતા અને જરૂરિયાત માંડ લોકો એ આ કેમ્પ નો લાભ લીધો હતો તેમ સંસ્થા પ્રમુખ બાબુભાઈ એ જણાવ્યું હતું

### ભારતમાં દર એક લાખની વસ્તીએ ૭૦થી ૯૦ જેટલા કેન્સરગ્રસ્ત દર્દીઓ જોવા મળે છે: દર વર્ષે ૭ લાખ જેટલા મૃત્યુ : ડો શશાંક પંડ્યા

# ગુજરાત પ્રેસ અકાદમી અને પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે અને ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટીટ્યુટના સહયોગથી પરિસંવાદ યોજાયો



ભારતમાં ૨૦૨૦માં ૧૩ લાખ કેન્સરના નવા કેસ નોંધાયા છે અને ૨૦૩૦ સુધીમાં આ આંક ૧૫ લાખ સુધી પહોંચી શકે છે તેમ ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર ડૉ શંશાક પંડ્યાએ ગુજરાત પ્રેસ અકાદમી અને પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના સંયુક્ત પ્રયાસ અને ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટના સહયોગથી યોજાયેલ ''કેન્સર સામે સતર્કતા''પરિસંવાદમાં જણાવ્યું હતુ.

સિવિલ મેડીસીટીમાં આવેલી ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટના નવા બિલ્ડીંગ ખાતે આયોજીત સેમિનારને સંબોધતા ડૉ. પંડ્યાએ કહ્યું હતુ કે, ભારતમાં દર એક લાખની વસ્તીને ૭૦ થી ૯૦ જેટલા કેન્સરગ્રસ્ત દર્દીઓ જોવા મળે છે. દર વર્ષે ૭ લાખ જેટલા દર્દી કેન્સરથી મૃત્યુ પામે છે.તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે, ભારતમાં કેન્સરના જોવા મળતા દર્દીઓમાં પુરુષોમાં ફેફસા, પેટ અને મોઢાના કેન્સરનું પ્રમાણ જ્યારે સ્ત્રીઓમાં સ્તન, ગર્ભાશયના મુખ અને મોઢાના કેન્સરનું પ્રમાણ વધુ જોવા મળે છે .

આ સેમિનારમાં વિષય નિષ્ણાંત તરીકે ઉપસ્થિત હેડ એન્ડ નેક વિભાગના આસિસટન્ટ પ્રોફેસર ડૉ. પ્રિયાક રાઠોડે મોઢાના ભાગના કેન્સર વિશે વિસ્તૃત માહિતી આપી હતી.તેઓએ કહ્યું કે, ભારતમાં નોંધાતા મોઢા અને ગળાના ભાગના કેન્સરગ્રસ્ત દર્દીઓમાંથી ૬૦ ટકાથી વધુ દર્દીઓ એડવાન્સ સ્ટેજમાં સારવાર અર્થે આવે છે. આ પ્રકારના કેસમાં વહેલું નિદાન કરી સારવાર શરૂ કરવામાં આવે તો સારા પરિણામો મળી શકે છે.ડૉ. પ્રિયાંકે જણાવ્યું હતુ કે, આ પ્રકારના કેન્સર માટેના જવાબદાર પરિબળોમાં તમાકૂ અને તેની બનાવટો, સિગારેટ અને બીડી, તીખા મસાલેદાર ખોરાક અને દારૂનું સેવનનો સમાવેશ થાય છે.

તેમણે આ કેન્સરના મુખ્ય લક્ષણો વર્ણવતા કહ્યું કે, લાંબા સમયથી ચાંદુ રૂઝાતું ન હોય, અવાજ બદલાઇ ગયો હોય, મોઢા અને ગળામાંથી લોહી નીકળવું, ખોરાક લેવામાં તકલીફ પડવી અને મોઢામાં અથવા ગળાના ભાગમાં ગાંઠ જોવા મળે તો સત્વરે નિદાન કરાવવું જોઇએ.

સ્તન કેન્સરના નિષ્ણાંત આસિસટન્ટ પ્રોફેસર ડૉ. કેતૂલ પૂંજે સ્તન કેન્સરની વૈશ્વિક સ્થિતિ પર પ્રકાશ પાડતા કહ્યું કે,વિશ્વની કેન્સરગ્રસ્ત સ્ત્રીઓમાં ૨૫ ટકા દર્દીઓ બ્રેસ્ટ કેન્સરનો શિકાર બને છે. આ પ્રમાણ ગુજરાતમાં ૨૧ ટકા જેટલું છે.

પશ્ચિમી દેશોમાં સ્તન કેન્સરની સરેરાશ ઉમર ૬૦ વર્ષ છે જ્યારે ભારતમાં આ સ્થિતિ ૫૦ વર્ષની ઉમરે સર્જાય છે.

તેઓએ દરેક સ્ત્રીને ૪૦ વર્ષની ઉમર બાદ વર્ષે એક વખત મેમોગ્રાફી કરાવવા સલાહ આપી હતી. તેઓએ ૨૫ વર્ષની ઉમર પછી દર મહિને સ્ત્રીઓને જાત તપાસ કરવાનું સૂચન કર્યું હતુ.

ગર્ભાશયના મુખના કેન્સર વિષય પર ગાયનેક વિભાગના પ્રોફેસર ડૉ. બિજલ પટેલે જણાવ્યું કે, જી.સી.આર.આઇ.માં કેન્સરની સારવાર અર્થે આવતા દર્દીઓમાંથી ૮૦ ટકા કેન્સરનું પ્રસરણ થઇ ગયા બાદ સ્ત્રીઓ સારવાર અર્થે હોસ્પિટલમાં આવતા હોવાનું જણાવ્યું હતુ. ગત વર્ષે ૧,૨૩,૯૦૭ ગર્ભાશયના મુખના કેન્સરના નવા કેસ જોવા મળ્યા હતા જેમાંથી ૭૭,૩૮૪ સ્ત્રીઓનું આ કેન્સરના કારણે મૃત્યુ નિપજવાનું કહ્યું હતુ. તેઓએ સ્ત્રીઓને દર ત્રણ વર્ષે ગર્ભાશયના મુખના કેન્સર માટેની તપાસ કરાવવા કહ્યું હતુ.તેઓએ પેપ ટેસ્ટ, વી.આઇ.એ. અને વીલી ટેસ્ટ કરાવવાની સ્ત્રીઓને સલાહ આપી હતી.

પેલિએટીવ મેડીસીન થેરાપીના નિષ્ણાંત ડૉ. પ્રિતી સંઘવીએ કહ્યું કે, પેલિએટીવ મેડીસીન એ અસાધ્ય કેન્સર રોગથી પીડાતા દર્દીઓ માટેની સારવાર થેરાપી છે. આ થેરાપીમાં કેન્સર, શ્વાસની બિમારી, હ્રદયરોગ, એઇડ્સ, ગંભીર પ્રકારના કિડની રોગગ્રસ્ત દર્દીઓ કે જે પીડા સાથે લાંબુ જીવન પસાર કરે છે તેમને પેલિએટીવ થેરાપી દ્વારા શારિરીક,માનસિક અને ભાવનાત્મક તકલીફોમાંથી રાહત આપવા સારવાર અપાય છે.

તેઓએ વિશેષમાં કહ્યું કે, પેલિએટીવ કેર એ કોમ્પ્રિહેન્સીવ કેન્સર કેરની અગત્યની સારવાર છે.

આ સમગ્ર પરિસંવાદમાં વક્તાઓ ની સલાહ એ હતી કે, કેન્સરનું પ્રાથમિક તબક્કે નિદાન કરવામાં આવે તો કેન્સર સામે ચોક્કસથી સકારાત્મક પરિણામ મેળવી શકાય છે.

આ પરિસંવાદમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રત્રકાર મિત્રો,તબીબી વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## કોરોનાની સંભવિત ત્રીજી લહેરની આશંકા: તરણેતરનો મેળો બીજા વર્ષે રદ

સુરેન્દ્રનગર,તા.૩૧

સુરેન્દ્રનગરમાં યોજાતો વિશ્વ પ્રસિદ્ધ તરણેતરનો મેળો આ વર્ષે પણ યોજાશે નહીં. વિશ્વ વિખ્યાત તરણેતરનો મેળો બીજા વર્ષે પણ બંધ રહેશે. મહત્વનું છે કે ગત વર્ષે કોરોના મહામારીને પગલે લોકડાઉન જેવી સ્થિતિમાં મેળા તેમજ ધાર્મિક જમાવળાઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો પરંતુ આ વખતે પણ કોરોનાની ત્રીજી લહેરની સંભાવનાને પગલે તરણેતરનો મેળો રદ કરવાનો સુરેન્દ્રનગર જિલ્લા પ્રશાસને નિર્ણય લીધો હતો. મંદિરમાં માત્ર ધ્વજારોહણ અને પૂજા અર્ચના કરવા માટેની જ પરમિશન આપવામાં આવી છે.

શ્રાવણમાસમાં યોજાતા તરણેતર લોકમેળાનું વિષેશ મહત્વ છે. સૌરાષ્ટ્રમાં શ્રાવણ અને ભાદરવા માસમાં નાના મોટા મેળા યોજાતા હોય છે. જેમાં તરણેતરનો મેળો વિશ્વ પ્રસિદ્ધ માનવામાં આવે છે. કોરોનાની ત્રીજી લહેરને ધ્યાને લઇ રાજકોટ, જામનગર અને પોરબંદર બાદ સુરેન્દ્રનગરમાં પણ મેળા યોજવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમીના મેળા ખૂબ જ પ્રસિદ્ધ છે અને લાખો લોકો જન્માષ્ટમીના મેળામાં ભાગ લેતા હોય છે, ત્યારે સૌરાષ્ટ્રના મેળાના માણીગરો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. સતત બીજા વર્ષે સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો રદ કરાયો છે. રાજકોટના રેસકોર્સમાં વર્ષોથી લોકમેળો ભરાય છે . કોરોનાની ત્રીજી લહેરની આશંકા વચ્ચે વહિવટી તંત્રએ નિર્ણય લીધો છે. લોકોએ જન્માષ્ટમીની ઉજવણી ઘરે રહીને જ કરવી પડશે.

## ચાલો આપણે બધા જ સાથે મળીને કુદરતી ઓકિસજન ફેકટરી બનાવીએ: રમેશભાઈ ઠકકર



હાલમાં કોરોનાકાળમાં ઓકિસજનની જરૂરીયાત બધા જ લોકો સમજી ગયા છે અને છેલ્લા ૪ થી ૫ વર્ષ થયા વૃક્ષારોપણ માટે જાગૃતિ પણ ખુબ આવી છે દરેક લોકોના મનમાં એક ઝાડ વાવવું એવો સંકલ્પ આવી ગયો છે. ત્યારે મિત્રો આપણે જરૂરી એવું વૃક્ષારોપણ કરવા માટે વિશ્વ વિખ્યાત એવી મીયાવાકી પધ્ધતિ અપનાવીએ અને ઓછા ખર્ચ, ઓછી જમીનમાં વધુને વધુ વૃક્ષો વાવીએ જેની માવજત પણ કરવી પડતી નથી. આ પધ્ધતિથી વાવવા માટે મીનીમમ ૪ મીટર થી ૩ મીટર વચ્ચે દરેક દોઢ ફૂટના અંતરે કે બે ફૂટના અંતરે નાનામાં નાના ઝાડ વાવવામાં આવે છે અને આમાં દરેક પ્રકારના વૃક્ષોનું વાવેતર થતું હોવાથી એકબીજાને ખોરાક, ઓકિસજન, તડકો અને પવનથી રક્ષણ મળતું હોય વૃક્ષોને વધવામાં ખૂબ મોટો ફાયદો થાય છે તેવું જોવામાં આવ્યું છે. પાણી માટે ટપક પધ્ધતિ મુકયા પછી ૩ વર્ષ સુધી તેનું કોઈપણ જાતનું ધ્યાન રાખવું પડતુ નથી. એક સામાન્ય ઝાડને પાણી પાવું, પીજરું લગાવવું અને માવજત કરવી તે ખર્ચાળ છે તેને બદલે સૌ સાથે મળીને ખલ્લા પ્લોટોમાં સ્કૂલના મેદાનમાં કે ઘણી બધી ખરાબાની જગ્યામાં ફકત ફેન્સીંગ કરીને બોર બનાવીને સોલાર પાવરથી ટાઈમર સાથે પાણી આપવામાં આવે તો સામાન્ય ઝાડ કરતાં ૧૦ ગણો ઝડપી વિકાસ થાય છે. દરેક જાતના વૃક્ષ વાવવાથી પશુ—પક્ષીઓને રહેઠાણ અને ખોરાક મળે છે, પાંદડા અને તેની ડાળીઓ તટીને નીચે પડવાથી તેનો ખોરાક બની જાય છે અને જમીન પોચી, ફળદાયી બનતા પાણીની પણ બચત થાય છે, પાણી જમીનમાં ઉતરે છે, જે શુધ્ધ છે અને જમીનમાં આપણને જાણ છે કે તળીયામાં ૩૫ થી ૪૦ ફૂટે પાણી હતું તે ઠંડીમાં આપણને મળતું હતું તે આજે ૬૦૦ થી ૧૦૦૦ ફૂટે પણ મળતું નથી જે આ પધ્ધતિથી વાવતાં આપણને ઉપર મુજબ ઘણા બધા ફાયદાની સાથે સાથે ઓકિસજનનો સૌથી મોટો ફાયદો મળશે.અને તેના થકી મન અને શરીર ની તંદુરસ્તી પણ વધશે વાતાવરણ સુધરશે. અને તેના થકી મન અને શરીર ની તંદુરસ્તી પણ વધશે વાતાવરણ સુધરશે. આ કાર્ય માટે સરકારે ઠેકઠેકાણે વર્ષોથી નર્સરીનું આયોજન કરી લોકો સુધી વૃક્ષો ખૂબ ઓછા દરે વિતરણ કરવામાં આવે છે અને ઘણી બધી સામાજીક સંસ્થાઓ આ માટે સતત પ્રત્યેનશીલ છે લોકો સુધી વૃક્ષો પહોંચે તેમના ઘરે ઝાડની વાવણી કરી આપે છે. આવી જ એક સંસ્થા સદભાવના ટ્રસ્ટ ખૂબ જ સુંદર કાર્ય કરી બધા જ રસ્તાઓ અને ઘરોમાં રાજકોટ શહેરની સાથે સાથે ગુજરાત ઘણા શહેરોમાં વૃક્ષોની પીંજરા સાથે વાવણી સાથમાં જ ૩ વર્ષ સુધી તેને ઉછેરવાની જવાબદારી નિભાવે છે અને રાજકોટ શહેરમાં ઘણી બધી જગ્યાઓએ તેઓએ મીયાવાકી જંગલો પણ ઉભા કરેલ છે. મારી આપ સૌનો નમ્ર વિનંતી છે કે જેની પાસે ૪□૩ મીટરથી વધુ જગ્યા હોય ત્યાં ચોકકસપણે મીયાવાકી જંગલ ઉભું કરીએ અથવા તો આવી સંસ્થા માં તન,મન અને ધન થી જોડાઈને માનવસેવા, પશુ-પક્ષી સેવા, અને પર્યાવરણ અને વાતાવરણને શુધ્ધ કરવામાં આપણે સૌ સાથે મળીને પ્રયત્ન કરીએ એ જ સાચી પ્રભુસેવા

ભારત સરકાર અને ગુજરાત સરકાર તેમજ સંસ્થાઓને નમ્ર વિનંતી કે સદભાવના દ્વારા ગુજરાત ને ગ્રીન કરવાનો પ્રોજેક્ટ શરૂ છે ત્યારે આપણે મિયાવાકી ને બદલે સદભાવના વન નામ આપી. આ પધ્ધતિ ને વિશ્વ સ્તરે વિકસાવી જોઈએ.

## લાયન્સ ક્લબ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ બી૧ના રિજિયન ૫ ની પ્રથમ ઝોન એડવાયઝરીનું શાનદાર આયોજન



લાયન્સ ક્લબ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ બી૧ મા આવેલા રિજિયન ૫ ની પ્રથમ ઝોન મીટીંગ નું સુંદર આયોજન ઝોન ૧ ના ચેરમેન સંજય પટેલ અને ઝોન ૨ ના ચેરમેન પ્રકાશ વૈદ દ્વારા ચિલોડા નજીક પાલવ રેસ્ટોટન્ટ મા કરવામાં આવ્યું

આ મીટીંગમાં રીજીયન ૫ મા આવેલી ૧૫ ક્લબના બધા જ પ્રેસિડેન્ટ, સેક્રેટરી, ખજાનચી અને અન્ય સભ્યો એ ઉમંગભેર હાજરી આપી હતી.આખું વર્ષ લાયન સભ્ય તરીકે કેવી રીતે કામ કરવું તે ડિસ્ટ્રિક્ટ માંથી આવેલા લાયન ભાવનાબેન ત્રિવેદી અને અન્ય હોદેદારો એ સમજાવ્યું હતું.

## મહેસાણા ડીડીઓની વતન પ્રેમ યોજના અમલીકરણ સમિતિમાં નિમણૂક કરાઇ

મહેસાણા,તા.૩૧

રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારના સર્વાંગી વિકાસ અને ઉત્તમ સુવિધા માટે સરકાર દ્વારા વતન પ્રેમની યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના દ્વારા વતન પ્રેમીઓને માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવામાં જનહિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીનું સૌથી મોટા અભિયાન શરૂ કર્યું છે. જેમા મહેસાણા જિલ્લા વિકાસ અધિકારીની સમિતિમાં નિમણૂક કરાઈ છે.વતન પ્રેમ યોજના હેઠળ ૧૨ જેટલા અલગ-અલગ કાર્યો કરી શકાય છે. વતન પ્રેમ યોજના સોસાયટી અંતર્ગત રાજ્ય કક્ષાએ ઈએસક્રો બેક્ર એકાઉન્ટ તથા જિલ્લા કક્ષાએ વતન પ્રેમ યોજના સોસાયટી હેઠળ બેક્ર એકાઉન્ટ ખોલવાનું રહેશે. યોજના હેઠળ ૬૦ ટકા રકમ વતન પ્રેમી દ્વારા ચૂકવવામાં આવે છે અને બાકીની ૪૦ ટકા રકમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે.

## ગુજરાતના અમરેલીમાં નાના એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરનું ઉત્પાદન શરૃ થશે

અમરેલી,તા.૩૧

દેશનું ગ્રોથ એન્જિન ગણાતા ગુજરાતમાં હવે એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરનું પણ નિર્માણ થશે. ભારતમાં પ્રથમ વખત ગુજરાતમાં અમરેલી નજીક નાના એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરનું ઉત્પાદન શરૂ કરવામાં આવશે.

રાજયના સિવિલ એવિયેશન વિભાગે ખાનગી કંપની એરોક્ફેયર ઈક્ર સાથે ૧૫૦ કરોડના એમઓયુ કર્યા છે. જેના પગલે કંપનીએ અમરેલી એર સ્ટ્રિપ પાસે મેન્યુફેકચરિંગ યુનિટની શરૂ કરવાની કાગમીરી શરૂ કરી દીધી છે અને ઓક્ટોબર સુધીમાં પ્લાન્ટની કામગીરી પૂર્ણ થાય એવી શક્યતા છે.

ત્યાર બાદ કંપની દ્વારા પ્રોડક્શન શરૂ કરવામાં આવશે અને વર્ષ ૨૦૨૧ના અંત સુધીમાં પ્રથમ એરક્રાફ્ટ માર્કેટમાં મૂકવામાં આવશે. કંપની દ્વારા પ્રથમ તબક્કામાં ૧૫૦ કરોડ રૂપિયા અને ત્યાર બાદ ૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

કંપની દ્વારા ૨ સીટર, ૪ સીટર, એર એમ્બ્યુલન્સ, હેલિકોપ્ટર અને ફિક્સ વિંગ ગ્લાઈડરનું ઉત્પાદન શરૂ કરવામાં આવશે. આ તમામ એરક્રાફ્ટના ઉત્પાદન માટે કંપની દ્વારા સર્બિયા, ઈટાલી, જર્મની, સ્લોવેનિયા અને અમેરિકન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

## દારૂના ગુનામાં આગોતરા જામીન મેળવવાના કાવતરાનો એલસીબીએ પર્દાફાશ કર્યો

*ગાંધીનગર,તા.૩૧*

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં વાંસજડા હૂડકોથી વિદેશી દારૂના જથ્થા સહિત રૂ. ૪૩.૪૬ લાખનો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારે આ ગુનામાં કલોલ કોર્ટમાં ખોટા ભાડા કરારના આધારે આગોતર જામીન અરજી રજૂ કરનાર બુટલેગર સહિતના ચાર આરોપીઓના ષડયંત્રનો પણ લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. ત્યારે દારૂના ગુન્હાની તપાસ કરતી એલસીબીએ આરોપીના આગોતરા જામીન સંદર્ભે પણ ઊંડાણ પૂર્વક ક્રોસ વેરિફિકેશન કરી સમગ્ર કાવતરાંને ઝડપી લેતાં કોથળામાંથી બિલાડું કાઢ્યા જેવો ઘાટ રચાયો છે.

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા ગત તારીખ ૨૩મી ફેબ્રુઆરીના રોજ વાંસજડા બાબુજી લક્ષ્મણજી ઠાકોરની માલિકીના મકાનમાંથી વિદેશી દારૂની કુલ ૫૫૯૬ બોટલોના જથ્થા સાથે રૂ. ૪૩.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. જે અંગે સાતેજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરી વધુ તપાસ એલસીબી પીઆઈ એચ. પી. ઝાલા દ્વારા કરવામાં આવી રહી હતી. જે ગુનામાં બુટલેગર બાબુજી ઠાકોરે વકીલ મારફતે કલોલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી જે સમયે દારૂ મળી આવ્યો તે પહેલાં આ મકાન અન્ય વ્યક્તિને ભાડે આપ્યા હોવાની રજૂઆત કરી પુરાવા રૂપે ભાડા કરાર રજૂ કર્યો હતો.

લોકલ ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેકટર એચ.પી ઝાલાને સમગ્ર જામીન અરજી પ્રકરણમાં કંઈક રંધાતું હોવાની ગંધ આવી ગઈ હતી. જેથી તેમણે ભાડા કરારની નકલ મેળવી ગુપ્તરાહે તપાસ શરૂ કરી હતી. જેમાં ભાડા કરાર કરનાર નોટરી ચાંદ દોશુભાઈ ધોરી (રહે. હસીન પાર્ક, હેદરી, મેદાન રાયખડ અમદાવાદ)ની જરૂરી પૂછતાજ કરી રજીસ્ટરોની ચકાસણી કરતા અલગ-અલગ સિરિયલ નંબરથી એન્ટ્રીઓની નોંધ કરવામાં આવી હોવાનું જોવા મળ્યું હતું અને રજીસ્ટરમાં વચ્ચેના પાનાં કોરા છોડવામાં આવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.